RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 152* Date: 31.03.2022 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

**ચહેરા વગર ચૂંટણી જીતવી અશક્યઃ પ્રશાંત કિશોરની ફોર્મ્યુલા રાહુલ ગાંધીએ સ્વીકારી**

## વિધાનસભા ચુંટણીમાં નરેશ પટેલ ગુજરાત કોંગ્રેસના મુખ્યમંત્રી પદના ઉમેદવાર બનશે

ગાંધીનગર,તા.૩૦

ગુજરાતમાં વિધાનસભાની વહેલી ચૂંટણીના સંકેતો વચ્ચે રાજકીય ઉથલ પાથલનો દોર શરૂ થવા લાગ્યો છે. ખાસ કરીને હાલ નિષ્ક્રીય રહેલી કોંગ્રેસ આગામી દિવસમાં મોટા રાજકીય ધડાકા કરે તેવી પુરી શક્યતા છે. નબળી ગણાતી ગુજરાત કોંગ્રેસ ભાજપને ઘેરવા માટે સ્ટ્રેટેજી ઘડી રહી છે અને તેના માટે પુરેપૂરું ગ્રાઉન્ડ વર્ક પણ કરી લીધું છે. ભાજપને પડકારવા માટે કોંગ્રેસે એક નવો જ રાજકીય દાવ ખેલ્યો છે. જે વિરોધી પક્ષોને પણ ઝટકો આપનારો છે.

કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા મુજબ રાજકીય રણનીતિકાર પ્રશાંત કિશોરનો આગ્રહ હતો કે ગુજરાતમાં જનતા સમક્ષ એક ભરોસાપાત્ર ચહેરો રજૂ કરવો જરૂરી છે. જેના પર મોટાપાયે ધ્રુવીકરણ થઈને મતો કોંગ્રેસની જોળીમાં આવી શકે. જેના માટે એક ચહેરાની શોધમાં હતી અને આ ચહેરો હવે નરેશ પટેલના રૂપમાં આઈડેન્ટીફાઈ કર્યો છે. આ અંગે રાજસ્થાનમાં અશોક ગેહલોત, પ્રશાંત કિશોર અને નરેશ પટેલ વચ્ચે બેઠક પણ મળી હતી.

પ્રશાંત કિશોર માને છે કે, મુખ્યમંત્રી તરીકે નરેશ પટેલ જ યોગ્ય છે અને જ્ઞાતિ બેલેન્સ કરવા કોઈ ઓબીસી કે આદિવાસી ચહેરાને પણ તેમના સાથીદાર તરીકે રજૂ કરવાની રણનીતિ ઘડી લીધી છે. પ્રશાંત કિશોરની સફળતાનું રહસ્ય તેઓએ જયાં જયાં ચૂંટણી વ્યવસ્થા સંભાળી છે ત્યાં એક ચહેરો તેની પાસે હતો અને આ જ થિયરીના આધારે તેઓ ગુજરાત કોંગ્રેસ માટે ચૂંટણી પહેલા જ એક ચહેરો લઈને ૨૦૨૨ની જંગમાં ઉતરવા માગે છે. આ આખી ફોર્મ્યુલા રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતની મધ્યસ્થીથી ઘડવામાં આવી છે.

ખાસ કરીને સૌરાષ્ટ્રના પ્રખ્યાત અને લેઉવા પાટીદારોના શ્રદ્ધા કેન્દ્ર એવા ખોડલધામના વડા અને પાટીદાર અગ્રણી નરેશ પટેલ તેમની રાજકીય ઈનિંગ શરૂ કરવા માટે હાલ એક 'સર્વે' કરાવી રહ્યા છે. આ સર્વે બાદ તેઓ ૧૫ એપ્રિલ સુધીમાં રાજકારણમાં જવું કે નહીં તે અંગે નિર્ણય જાહેર કરશે એ સંકેતો વધુ સ્પષ્ટ થયા છે. જેના પરથી કે નરેશ પટેલ કોંગ્રેસમાં જોડાઈ રહ્યા હોવાનું લગભગ નિશ્ચિત માનવામાં આવે છે.

આ ઉપરાંત દેશમાં પોલિટિકલ સ્ટ્રેટેજિસ્ટ તરીકે જાણીતા બનેલા અને અનેક રાજયોમાં વિપક્ષને વિજયી બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર પ્રશાંત કિશોર પણ હવે કોંગ્રેસ સાથે જવા તૈયાર થયા છે. તેઓ ગુજરાતની ચૂંટણીમાં કોંગ્રેસના સારથી બનશે. દિલ્હીના અનેક મીડીયા સર્કલમાં આ અંગે જબરી ચર્ચા ચાલી રહી છે. નરેશ પટેલ-પ્રશાંત કિશોર બન્ને ગુજરાતની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષને વિજેતા બનાવવા માટે પ્રયાસ કરશે અને ટૂંક સમયમાં આ જાહેરાત થાય તેવી પુરી શક્યતા સેવાઈ રહી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ આ ફોર્મ્યુલાને મંજૂરી પણ આપી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા રાજસ્થાનમાં નરેશ પટેલ અને પ્રશાંત કિશોર વચ્ચે એક બેઠક મળી હતી અને તેમાં ગુજરાતના રાજકારણના જાણકાર ૨૦૧૭માં કોંગ્રેસને વિજયની નજીક ખેંચી જવામાં સફળ રહેલા પૂર્વ પ્રભારી તથા રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતની ભૂમિકા મહત્વની રહી છે. હવે તેમના શિષ્ય જેવા જ રાજસ્થાન કોંગ્રેસના નેતા ડો.રઘુશર્મા ગુજરાતનું સુકાન સંભાળી રહ્યા છે. ગત વર્ષે થયેલી પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં મમતા બેનરજી ચહેરો હતા અને તેમાં સફળતા પણ મળી હતી.બીજી તરફ પંજાબમા આમ આદમી પાર્ટીએ અરવિંદ ભગવંત માનનો ચહેરો હતો, અને આપને પંજાબમાં સત્તા મળી ગઈ હતી. કોંગ્રેસ પક્ષ ચહેરા વગર જાય તો સફળતા નહીં મળે તે નિશ્ચિત છે. આ સમયે પ્રશાંત કિશોરની ફોર્મ્યુલા કોંગ્રેસના ગળે ઉતરી છે અને નરેશ પટેલને ચહેરો બનાવી ચૂંટણી લડવાનો વ્યૂહ ઘડવામાં આવી રહ્યો છે અને આગામી દિવસોમાં તે ચિત્ર વધુ સ્પષ્ટ થશે.



ગુજરાતમાં આગામી વિધાનસભાની ચૂંટણી પુર્વે પાટીદાર નેતા નરેશ પટેલને ભાજપમાં ભેળવવા માટેના ભરચક પ્રયાસો છતાં પણ હવે નરેશ પટેલ-હાથમાંથી સરકી ગયા છે તેવો સંકેત મળતા જ ભાજપે હવે નરેશ પટેલની આશા છોડી દીધી છે. પક્ષના ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ પક્ષને નરેશ પટેલ ફેક્ટર સામી બાજુ છે તેમ માનીને ચૂંટણી લડવાની તૈયારી કરવા જણાવી દીધું છે.

ભાજપના નેતાઓને હવે 'આમંત્રણ' પણ બંધ કરી દેવાની સૂચના આપી છે અને હવે આ ફેકટરને કઈ રીતે ડિસ્કાઉન્ટ કરી શકાય તે જોવા પક્ષના પાટીદાર નેતાઓને જણાવ્યુ છે તથા ઓબીસી, આદીવાસી ફેકટર પણ મજબૂત બનાવાશે.

## મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો, ૧ જાન્યુ. ૨૦૨૨થી લાગુ થશે

નવીદિલ્હી,તા.૩૦

કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનધારકોમાં ડીએ એટલે કે મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. એનો ફાયદો ૫૦ લાખ કર્મચારી અને ૬૫ લાખ પેન્શનરોને મળશે. આજે થયેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. ડીએમાં ૩ ટકાનો વધારો થયા પછી હવે એ ૩૧ ટકાથી વધીને ૩૪ ટકા થયો છે.

કેન્દ્ર સરકારે મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. આ વિશે કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં અંતિમ નિર્ણય લેવામાં આવ્યો છે. વધેલા મોંઘવારી ભથ્થાનો લાભ દરેક કેન્દ્રીય કર્મચારીઓને ૧ જાન્યુઆરી ૨૦૨૨થી મળશે. હવે કર્મચારીઓ અને પેન્શનર્સને ૩૪% મોંઘવારી ભથ્થું આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પહેલાં ૩૧%ની જોગવાઈ હતી.

સરકારના આ નિર્ણયથી એક કરોડથી વધારે કર્મચારીઓને લાભ મળવાનો છે. અત્યારે કેન્દ્રીય કર્મચારીઓની સંખ્યા ૫૦ લાખથી વધારે છે. જયારે ૬૫ લાખ પૂર્વ કેન્દ્રીય કર્મચારીઓ પેન્શન મેળવી રહ્યા છે. આ રીતે ડીએ વધતાં સીધા ૧.૧૫ કરોડ લોકોને સીધો લાભ થશે.

સરળ શબ્દોમાં સમજીએ તો બેઝિક સેલરીમાં ગ્રેડ સેલરીનો ઉમેરો કર્યા પછી જે રકમ આવે તેનો મોંઘવારી ભથ્થા સાથે એટલે કે ૩ સાથે ગુણાકાર કરવો. જે રકમ આવે તેને જ મોંઘવારી ભથ્થુ એટલે કે ડેઅરનેસ અલાઉન્સ (DA) કહેવામાં આવે છે. હવે આને એક ઉદાહરણ તરીકે સમજીએ, માનીલો કે તમારો બેઝિક સેલરી ૧૦ હજાર રૂપિયા છે અને ગ્રેડ પે ૧૦૦૦ રૂપિયા છે. બંને ભેગા કરતાં ૧૧ હજાર થયા. હવે વધેલા ૩૪% મોંઘવારી ભથ્થા પ્રમાણે જોઈએ તો તે ૩,૭૪૦ રૂપિયા થયા.

બધુ ભેગુ કરીને તમારી કુલ સેલરી ૧૪,૭૪૦ રૂપિયા થયા. આ પહેલાં ૩૧ ટકા ડીએ પ્રમાણે ૧૪,૪૧૦ રૂપિયા સેલરી મળતા હતા. હવે ડીએ ૩૧થી વધી ૩૪ ટકા થતાં દર મહિને ૩૩૦ રૂપિયાનો ફાયદો થયો.

## જમ્મુ કાશ્મીરમાં મોડી રાત્રે રૈનાવારી વિસ્તારમાં એક્રાઉન્ટર, ૨ આતંકવાદીઓ ઠાર

શ્રીનગર,તા.૩૦

જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરના રૈનાવારી વિસ્તારમાં મોડી રાત્રે સુરક્ષા દળોએ એક્રાઉન્ટરમાં બે આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

જમ્મુ-કાશ્મીર પોલીસે કહ્યું કે આતંકવાદીઓ પાસેથી હથિયારો અને દારૂગોળો સહિતની વાંધાજનક સામગ્રી મળી આવી છે. બીજી બાજુ, આઈજીપી કાશ્મીર વિજય કુમારે જણાવ્યું કે શ્રીનગર એક્રાઉન્ટર માં માર્યા ગયેલા બંને લશ્કર-એ-તૈયબા/ટીઆરએફના સ્થાનિક આતંકવાદીઓ હતા.

સોમવારે જમ્મુ-કાશ્મીરના બડગામ જિલ્લામાંથી લશ્કર-એ-તૈયબાના બે આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી. આતંકવાદીઓની બડગામના સુનેરગુંડ વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. તેમની ઓળખ દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લાના રહેવાસી વસીમ અહેમદ ગનાઈ અને ઈકબાલ અશરફ શેખ તરીકે થઈ છે. તેમની પાસેથી એક ચાઈનીઝ પિસ્તોલ, બે પિસ્તોલ મેગેઝીન, ૧૨ પિસ્તોલ રાઉન્ડ અને ૩૨ એકે-૪૭ રાઉન્ડ સહિતની ગુનાહિત સામગ્રી મળી આવી છે.

જમ્મુ અને કાશ્મીરના બડગામ જિલ્લામાં શનિવારે એક સ્પેશિયલ પોલીસ ઓફિસર (એસપીઓ) અને તેમના ભાઈની આતંકવાદીઓએ ગોળી મારીને હત્યા કરી દીધી હતી. આતંકવાદીઓએ એસપીઓ ઈશ્ફાક અહેમદની તેમના ઘર પાસે ગોળી મારીને હત્યા કરી હતી.

ફાયરિંગની ઘટનામાં અહેમદના ભાઈ ઉમર જાનને પણ ગોળી વાગી હતી અને તેને બેમિનાની SKIMS હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેણે રવિવારે સવારે તેની ઈજાઓથી દમ તોડ્યો હતો.

## રાજસ્થાનમાં ભારે ગરમી,બાડમેરમાં પારો ૪૩ ડિગ્રીને પાર, જયપુરમાં લૂ,નાગરિકો પરેશાન

ઉદયપુર,તા.૩૦

રાજસ્થાનમાં ગરમીનો કહેર જારી છે.પ્રદેશભરમાં તાપમાન સતત વધી રહ્યું છે આજે બાડમેરમાં અધિકતમ તાપમાન ૪૩ ડિગ્રી સુધી પહોંચી ગયું છે.જયારે રાજધાની જયપુરની સાથે સાથે વિવિધ જીલ્લામાં લૂની અસર અનુભવાઈ રહી છે.હવમાન વિભાગના જણાવ્યા અનુસાર મૌસમમાં પરિવર્તનને કારણે પ્રદેશમાં બે ત્રણ દિવસ ભારે ગરમી રહેશે અને લુની અસર પણ જોવા મળશે

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર એક એપ્રિલ બાદ ફરી હવામાનમાં થોડુ પરિવર્તન થશે અને ભારે ગરમી અને લુમાં કમી આવે તેવી સંભાવના છે.વિભાગ અનુસાર રાજયમાં અધિકતમ અને ન્યુનતમ બંન્નેમાં સામાન્યથી વધુ તાપમાન નોંધાયું છે.જયપુર સહિત અનેક શહેરોમાં અધિકતમ તાપમાન ૪૦ અને તેનાથી ઉપર રહ્યું છે જો કે ભીલવાડામાં ન્યુનતમ તાપમાન સામાન્યથી ઓછું રહ્યું છે અહીં સામાન્યથી બે ડિગ્રી સેલ્સિયસ કમીની સાથે તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ છે.

પ્રદેશમાં સૌથી વધુ તાપમાન ૪૨.૮ ડિગ્રી સેલ્સિયસ બાડમેરમાં નોંધાયુ છે અહીં સામાન્યથી છ ડિગ્રી સેલ્સિયસ વધુ રહ્યું છે જયારે રાજયના ગંગાનગરમાં ન્યુનતમ તાપમાન સામાન્યથી નવ ડિગ્રી સેલ્સિયસ વધુ રહ્યુ જે રાજયમાં સૌથી વધુ છે.ગંગાનગરમાં પારો ૪૨.૫ ડિગ્રી સેલ્સિયસ રહ્યો આ રીતે જેલસમેલમાં તાપમાન ૪૨.૪,ચુરૂમાં તાપમાન ૪૨.૨,બીકાનેરમાં ૪૧.૮ ચિતોડગઢમાં ૪૦.૪,જોધપુરમાં સામાન્યથી છ ડિગ્રી સેલ્સિયસ અધિકતમની સાથે ૪૦.૩ અને જયપુરમાં સામાન્યથી છ ડિગ્રી સેલ્સિયસ અધિકતમની સાથે ૪૦ ડિગ્રી તાપમાન રહ્યું છે. આ ઉપરાંત અજમેરમાં તાપમાન સામાન્યથી પાંચ ડિગ્રી વધુ ૩૮.૮, અલવરમાં ૩૯.૬,ભીલવાડામાં સામાન્યથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ અધિકતમની સાથે ૩૯.૪,ઉદયપુરમાં સામાન્યથી ત્રણ ડિગ્રી સેલ્સિયસથી વધુ ૩૮.૪ ડિગ્રી તાપમાન રહ્યું છે પ્રદેશમાં સૌથી વધુ ન્યુનતમ તાપમાન પણ બાડમેર જીલ્લામાં રેકોર્ડ કરવામાં આવ્યું અને તે સામાન્યથી ચાર ડિગ્રી સેલ્સિયસથી અધિકતમની સાથે ૨૫.૩ ડિગ્રી સેલ્સિયસ રહ્યું જો કે રાજયમાં ન્યુનનતમ તાપમાનમાં સામાન્યથી સૌથી વધુ છ ડીગ્રી સેલ્સિયસ સુધી અધિકતમ બીકાનેરમાં રહ્યુ જયાં ન્યુનતમ તાપમાન ૨૪.૫ ડિગ્રી સેલ્સિયસ રહ્યું જયપુરમાં ન્યુનતમ તાપમાન ૨૪.૨ ડિગ્રી સેલ્સિયસ રહ્યું જે સામાન્યથી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધુ હતું. રાજયમાં ભારે ગરમીને કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.બપોરના સમયે રસ્તાઓ સુમસામ રહે છે.જયારે મોડી સાંજે પાર્કો અને બગીચાઓમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થાય છે ગરમી વધતા જ ઠંડા પીણાની માંગ વધી ગઈ છે.

## ભારત અને અમેરિકા વચ્ચે ટુ પ્લસ ટુ વાર્તા, ૧૧ એપ્રિલે વોશિંગ્ટનમાં મળશે

નવીદિલ્હી,તા.૩૦

ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા (યુએસ) ૧૧ એપ્રિલે વોશિંગ્ટનમાં ૨ પ્લસ ૨ મંત્રણા કરવા જઈ રહ્યા છે. વિદેશ પ્રધાન એસ જયશંકર અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ તેમના સમકક્ષ વિદેશ પ્રધાન એન્ટની બ્લિંકન અને યુએસ સંરક્ષણ સચિવ લોયડ ઓસ્ટિનને મળશે. જયશંકર અને રાજનાથ સિંહ વચ્ચે અન્ય બેઠકો પણ થશે. બંને દેશો વચ્ચે છેલ્લી ૨ પ્લસ ૨ મંત્રી સ્તરીય વાટાઘાટો ઓક્ટોબર ૨૦૨૦માં નવી દિલ્હીમાં યોજાઈ હતી. આ વાટાઘાટો વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલ 'ટુ પ્લસ ટુ' ફોર્મ્યુલા હેઠળ થઈ રહી છે,



જો કે તેનો અર્થ માત્ર દ્વિપક્ષીય વાટાઘાટો છે.

અમેરિકા અને ભારત બંને હાલમાં ચીન સાથે અલગ-અલગ મુદ્દાઓમાં વ્યસ્ત છે. આવી સ્થિતિમાં ચીન પણ વાતચીતના કેન્દ્રમાં આવી શકે છે. જો કે, ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં વોશિંગ્ટનમાં દ્વિપક્ષીય ૨ ૨ આંતર-સત્રીય બેઠક યોજી હતી અને દક્ષિણ એશિયા, ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર અને પશ્ચિમ હિંદ મહાસાગરના વિકાસ પર મૂલ્યાંકનની આપ-લે કરી હતી. બંને પક્ષોએ ભારત-યુએસ વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ દ્વિપક્ષીય કાર્યસૂચિમાં થયેલી પ્રગતિ અને વિકાસની સમીક્ષા કરી, જેમાં સંરક્ષણ, વૈશ્વિક જાહેર આરોગ્ય, આર્થિક અને વ્યાપારી સહકાર, વિજ્ઞાન અને ટેકનોલોજી, સ્વચ્છ ઉર્જા અને આબોહવા નાણા અને લોકો વચ્ચેના સંબંધોનો સમાવેશ થાય છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦૧૭ માં તેમની પ્રથમ બેઠક દરમિયાન ૨ ૨ મંત્રણાની જાહેરાત કરી હતી. આ બેઠકની પ્રથમ આવૃત્તિ સપ્ટેમ્બર ૨૦૧૮માં નવી દિલ્હીમાં યોજાઈ હતી, જ્યારે બીજી બેઠક ગયા વર્ષે ડિસેમ્બરમાં વોશિંગ્ટનમાં યોજાઈ હતી. ૨ ૨ સંવાદે ઓબામા વહીવટીતંત્ર દરમિયાન બંને દેશો વચ્ચે વિદેશ અને વાણિજય મંત્રી સ્તરની બેઠકોનું સ્થાન લીધું છે.

આ બેઠકનું ફોર્મેટ જાપાન પરથી લેવામાં આવ્યું છે જેનો હેતુ બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગ માટે ઉચ્ચ સ્તરીય રાજદ્વારી અને રાજકીય સંવાદને સરળ બનાવવાનો છે. તેને 'ટુ પ્લસ ટુ' કહેવામાં આવે છે કારણ કે તે બે દેશોના સંરક્ષણ અને વિદેશ મંત્રીઓ વચ્ચેની સંયુક્ત બેઠક છે. આ વખતે રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને લઈને પણ ચર્ચા થઈ શકે છે. આ યુદ્ધને કારણે સમગ્ર વિશ્વમાં વ્યાપક અસર જોવા મળી છે અને આવનારા દિવસોમાં પણ તેની અસર થશે, તેથી બંને દેશો વચ્ચેની આ ચર્ચા ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

## બિમ્સ્ટેકના ઈતિહાસમાં એક સ્વર્ણિમ અધ્યાય લખીશું : વડાપ્રધાન

,નવીદિલ્હી,તા.૩૦

નવી દિલ્હીઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બિમ્સ્ટેક સંમેલનને સંબોધિત કરતા કહ્યું કે હાલ બંગાળની ખાડીને સંપર્ક, સમૃદ્ધિ અને સુરક્ષાનો સેતુ બનાવાનો સમય છે. પાંચમા બહુ ક્ષેત્રીય ટેક્નિકલ અને આર્થિક સહયોગ માટે બંગાળની ખાડી પહેલ (બિમ્સ્ટેક) શિખર સંમેલનમાં પોતાના શરૂઆતના સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે આ ઐતિહાસિક શિખર સંમેલનના પરિણામ બિમ્સ્ટેકના ઈતિહાસમાં એક સુવર્ણ અધ્યાય લખશે. તેમણે કહ્યું કે ભારત બિમ્સ્ટેક સચિવાલયના પરિચાલન બજેટને વધારવા માટે સહયોગ તરીકે ૧૦ લાખ અમેરિકી ડોલર પ્રદાન કરશે.

પીએમ મોદીએ કહ્યું કે યુરોપમાં હાલના ઘટનાક્રમે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાની સ્થિરતા પર સવાલ ઉઠાવ્યો છે. તેમણે કહ્યું કે આ સંદર્ભમાં બિમ્સ્ટેક ક્ષેત્રીય સહયોગને વધુ સક્રિય બનાવવું મહત્વપૂર્ણ થઈ ગયું છે. તેમણે એમ પણ કહ્યું કે બિમ્સ્ટેક દેશો વચ્ચે આપસી વેપાર વધારવા માટે બિમ્સ્ટેક એફટીએ પ્રસ્તાવ પર આગળ વધવું જરૂરી છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે હાલ બંગાળની ખાડીને સંપર્ક, સમૃદ્ધિ, સુરક્ષાનો સેતુ બનાવવાનો સમય છે. આપણું ક્ષેત્ર સ્વાસ્થ્ય અને આર્થિક સુરક્ષાના પડકારોનો સામનો કરી રહ્યું છે.

આવામાં એક્તા અને સહયોગ સમયની માગણી છે. બિમ્સ્ટેકના સભ્ય દેશોમાં ભારત ઉપરાંત શ્રીલંકા, બાંગ્લાદેશ, મ્યાંમાર, થાઈલેન્ડ, નેપાળ અને ભૂટાન સામેલ છે. શિખર સંમેલન બિમ્સ્ટેક ચાર્ટરને અપનાવશે જે સમૂહને એક આંતરરાષ્ટ્રીય ઓળખ આપશે અને બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ ફ્રેમવર્ક તૈયાર કરશે જેના માધ્યમથી સમૂહ પોતાના કામ કરશે.

## તંત્રી સ્થાનેથી...

# હિંસક આચરણ



***પશ્ચિમ બંગાળની વિધાનસભામાં સત્તાપક્ષ અને વિપક્ષના ધારાસભ્યો વચ્ચે થયેલ હિંસક અથડામણ એ જ દર્શાવે છે કે મમતા સરકાર બીરભૂમની હૃદયદ્રાવક ઘટના પર ચર્ચા કરવા તૈયાર ન હતી. એ પણ કોઈથી છૂપું નથી કે તે આ ઘટનાની સીબીઆઇ તપાસ પણ નહોતી ઇચ્છતી. જ્યારે કલકત્તા હાઇકોર્ટે કેસની તપાસ સીબીઆઇને સોંપી દીધી તો મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એમ કહેતાં તેને એક રીતે ધમકી જ આપી કે જો તપાસ યોગ્ય રીતે નહીં કરવામાં આવે તો તે સડકો પર ઉતરશે. જો કલકત્તા હાઇકોર્ટને બંગાળ પોલીસ પર ભરોસો હોત તો તે ઘટનાની તપાસ સીબીઆઇના હવાલે શું કામ કરતી? અહીં એ પણ ધ્યાન રહે કે આ જ હાઇકોર્ટે વિધાનસભા ચૂંટણીઓ બાદ થયેલી ભીષણ હિંસાની તપાસ એટલા માટે સીબીઆઇને સોંપી હતી, કારણ કે બંગાળ પોલીસે એ દરમ્યાન હિંસક તત્ત્વોને બિલકુલ નજરઅંદાજ કર્યા હતા. આ અવગણના બીરભૂમની ઘટના મામલે પણ જોવા મળી રહી છે અને કોઈપણ સમજી શકે છે કે આ જ કારણે તૃણમૂલ કોંગ્રેસ એમ નહોતી ઇચ્છતી કે વિધાનસભામાં આ વિષય પર ચર્ચા થાય.***

***બીરભૂમની જે ભયાવહ ઘટનાએ આખા દેશને હચમચાવી દીધો હોય, તેના પર વિધાનસભામાં ચર્ચા કેમ ન થવી જોઇએ? એનાથી ખરાબ વાત બીજી કોઈ નથી કે સત્તાપક્ષના સદસ્યોએ ચર્ચાનો ઇનકાર કર્યો, બલ્કે ચર્ચાની માંગ કરી રહેલા ભાજપી ધારાસભ્યો સાથે મારપીટ પણ કરી. સામાન્ય રીતે વિધાનસભામાં હંગામો, ધક્કામુક્કી અને મારપીટ કરવાનો આરોપ વિપક્ષ પર લાગે છે, પરંતુ બંગાળ વિધાનસભામાં આ આરોપના દાયરામાં સત્તાપક્ષના સદસ્યો પણ છે.***

***એ વાત જુદી છે કે આ હિંસા માટે ફક્ત ભાજપના ધારાસભ્યોને જ જવાબદાર માનવામાં આવ્યા અને તેમાંથી પાંચને વર્ષ માટે બરતરફ પણ કરી દેવાયા. આ મનમાની સિવાય બીજું કશું જ નથી, કારણ કે થોડા સમય પહેલાં જ સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર વિધાનસભાના ભાજપી ધારાસભ્યોના આખા વર્ષની બરતરફીને ગેરબંધારણીય ગણાવી દીધી હતી. આશ્ચર્ય નહીં કે બંગાળ વિધાનસભામાંથી બરતરફ કરાયેલા ભાજપના ધારાસભ્યો પણ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવે. જે પણ હોય, બંગાળ વિધાનસભામાં સત્તાપક્ષ અને ધારાસભ્યો વચ્ચે મારપીટની ઘટના નવી નથી. ત્યાં તેના પહેલાં પણ એવી હિંસક ઘટનાઓ બની ચૂકી છે. આવી ઘટનાઓ લોકતંત્રને જ શરમમાં નથી મૂકતી, બલ્કે રાજકીય પક્ષો વચ્ચે કટુતા પણ વધારે છે અને તેની અસર સમાજ પર પણ પડે છે. તેની અવગણના ન કરી શકાય કે બંગાળનું રાજકીય વાતાવરણ સતત વિષાક્ત થતું જાય છે. વાસ્તવમાં આ જ કારણે ત્યાં રાજકીય હિંસાનો સિલસિલો અટકતો નથી.***

# શ્રીમદ્ ભગવદ્ ગીતામાં વર્ણવેલ...સંસાર તાપત્રય વિમોચનનો ઉપાય-૧

શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પંદરમો અધ્યાય નાનો પરંતુ ખૂબ જ મહત્વનો છે.જીવ સ્વરૂપતઃ પરમાત્માનો અંશ હોવાથી ગુણાતીત હોવા છતાં પણ અનાદિ અજ્ઞાનના કારણે ગુણોના પ્રભાવથી પ્રભાવિત થઇને ગુણોના કાર્યભૂત શરીર (સંસાર)માં તાદાત્મય..મમતા અને કામના કરીને આબધ્ધ થયો છે.જ્યાં સુધી તે ગુણોથી અતિત (વિલક્ષણ) તત્વ પરમાત્માના પ્રભાવને જાણતો નથી ત્યાં સુધી તે પ્રકૃતિજન્ય ગુણોના પ્રભાવથી સર્વથા મુક્ત થઇ શકતો નથી.પોતાનો અત્યંત ગોપનીય અને વિશેષ પ્રભાવ બતાવતાં તથા વ્યવહારકાળમાં સંસારનું નિત્યત્વ અને સંસાર તાપત્રય વિમોચનનો ઉપાય બતાવતાં ભગવાન સંસારરૂપી વૃક્ષને અશ્વત્થની ઉપમા આપીને તેનું છેદન કરવાની આજ્ઞા આપે છે.

ભગવાન શ્રીકૃષ્ણનજી ગીતામાં કહે છે કે ×ઉપરની બાજુએ મૂળવાળા તથા નીચેની બાજુએ શાખાઓ વાળા જે સંસારરૂપી પીપળાના વૃક્ષને અવિનાશી કહે છે અને વેદો જેનાં પાંદડાં છે તે સંસારવૃક્ષને જે જાણે છે તે તમામ વેદોને જાણવાવાળો છે.×(ગીતાઃ૧૫/૧) સામાન્ય રીતે વૃક્ષોનું મૂળ નીચે અને પ્રશાખાઓ ઉપરની બાજુએ હોય છે પરંતુ આ સંસાર વૃક્ષ એવું વિચિત્ર વૃક્ષ છે કે એનું મૂળ ઉપર અને શાખાઓ નીચેની બાજુએ છે.

જ્યાં ગયા પછી મનુષ્ય પાછો ફરીને સંસારમાં આવતો નથી એવું ભગવાનનું પરમધામ જ તમામ ભૌતિક સંસારથી ઉપર (સર્વોપરી) છે.સંસારવૃક્ષની પ્રધાન શાખા (થડ) બ્રહ્માજી છે કેમ કે સંસાર વૃક્ષની ઉત્પત્તિ વેળાએ સૌથી પહેલાં બ્રહ્માજીનો ઉદભવ થાય છે.સ્થાન ગુણ પદ આયુષ્ય વગેરે બધી દ્રષ્ટિએ પરમધામની અપેક્ષાએ નિમ્ન શ્રેણીમાં હોવાના કારણે જ તેને અધઃ(નીચેની બાજુએ) કહેવામાં આવ્યું છે.



વિનોદભાઈ माछी निरंकारी

બ્રહ્માજીથી લઈને કીટ પર્યંત બધા જ જીવોનો તેમાં સમાવેશ થાય છે.

અશ્વત્મ શબ્દના બે અર્થ થાય છેઃ જે આવતી કાલ સુધી પણ ન રહી શકે અને પીપળાનું વૃક્ષ. પહેલા અર્થ અનુસાર સંસાર એક ક્ષણ પણ સ્થિર રહેવાવાળો નથી.(ક્ષણનું વિવેચન દાર્શનિકોએ કરતાં કહ્યું છે કે કમળના પાંદડા પર સોય મારવામાં આવે તો સોયને બીજી બાજુએ નીકળવામાં ત્રણ ક્ષણ લાગે છે. પહેલી ક્ષણમાં સ્પર્શ..બીજી ક્ષણમાં છેદન અને ત્રીજી ક્ષણમાં પાર નીકળવું) ફક્ત પરીવર્તનના સમુહનું નામ જ સંસાર છે.પરીવર્તનનું જે નવું રૂપ સામે આવે છે તેને જ ઉત્પત્તિ કહે છે.થોડું વધારે પરીવર્તન થતાં તેને સ્થિતિ રૂપે માની લે છે અને જ્યારે એ સ્થિતિનું સ્વરૂપ પણ પરીવર્તન થઇ જાય છે ત્યારે તેને સમાપ્તિ (પ્રલય) કહી દે છે.દ્રશ્યમાન પ્રતિક્ષણે અદર્શનમાં જઇ રહ્યું છે.આ જ ભાવથી આ સંસારવૃક્ષને અશ્વત્થ કહેવામાં આવ્યો છે.

બીજા અર્થ અનુસાર આ સંસાર પીપળાનું વૃક્ષ છે.શાસ્ત્રોમાં પીપળાના વૃક્ષનો ઘણો જ મહિમા છે. ભગવાન પણ બધા વૃક્ષોમાં પીપળાને પોતાની વિભૂતિ કહીને તેને શ્રેષ્ઠ તેમજ પૂજ્ય બતાવે છે. પીપળો આમળી અને તુલસી.. આ સર્વેની ભગવદભાવ પૂર્વક પૂજા કરવાથી તે ભગવાનની પૂજા બની જાય છે.

પરમાત્માથી સંસાર ઉત્પન્ન થાય છે.તેઓ જ સંસારના અભિન્ન નિમિત્તોપાદાન કારણ છે.આથી સંસારરૂપી પીપળાનું વૃક્ષ પણ તત્વતઃ પરમાત્મા સ્વરૂપ હોવાથી પૂજનીય છે.આ સંસારરૂપી પીપળ વૃક્ષની પૂજા એ જ છે કે તેનાથી સુખ લેવાની ઈચ્છાનો ત્યાગ કરીને ફક્ત તેની સેવા કરવી.સુખની ઈચ્છા ના રાખવાવાળાને માટે આ સંસાર સાક્ષાત ભગવત્સ્વરૂપ છે પરંતુ સંસારથી સુખની ઈચ્છા રાખવાવાળાને માટે આ સંસાર દુઃખોનું ઘર જ છે કારણ કે પોતે અવિનાશી છે અને આ સંસારવૃક્ષ પ્રતિક્ષણ પરીવર્તનશીલ હોવાના કારણે નાશવાન..અનિત્ય અને ક્ષણભંગુર છે આથી પોતાની ક્યારેય એનાથી તૃપ્તિ થઇ શકતી નથી.

સંસારવૃક્ષને અવ્યય (અવિનાશી) કહેવામાં આવે છે.ક્ષણભંગુર, અનિત્ય સંસારનો આદિ અને અંત ન જાણી શકવાના કારણે પ્રવાહની નિરંતરતા (નિત્યતા)ના કારણે જ આને અવ્યય કહે છે.આ સંસારચક્ર એટલી તેજીથી ઘુમે (બદલાય) છે કે ચલચિત્રની જેમ અસ્થિર પ્રતિક્ષણે પરીવર્તનશીલ હોવા છતાં પણ સ્થિર હોય તેવું પ્રતિત થાય છે.વેદો આ સંસારવૃક્ષનાં પાંદડાં છે.અહી વેદોનું તાત્પર્ય વેદોના એ અંશ સામે છે જેમાં સકામ કર્મોનાં અનુષ્ઠાનોનું વર્ણન છે. વેદોમાં સકામ મંત્રોની સંખ્યા એંશી હજાર છે પરંતુ મુક્ત કરવાવાળા મંત્રોની સંખ્યા વીસ હજાર જ છે જેમાં ચાર હજાર મંત્રો જ્ઞાનકાંડના તેમજ સોળ હજાર મંત્રો ઉપાસના કાંડના છે.તાત્પર્ય એ છે કે જે વૃક્ષમાં સુંદર ફુલ-પાંદડાં હોય પરંતુ ફળ ના હોય તો તે વૃક્ષ અનુપયોગી છે કેમ કે તૃપ્તિ તો ફળથી જ થાય છે તેવી જ રીતે સુખ ભોગ ઈચ્છનારા સકામ પુરૂષને ભોગ ઐશ્વર્યરૂપી ફુલ-પાંદડાંથી સંપન્ન આ સંસારવૃક્ષ બહારથી તો સુંદર લાગે છે પરંતુ તેનાથી સુખ ઈચ્છવાના કારણે તેને અક્ષય સુખરૂપી તૃપ્તિ એટલે કે મહાન આનંદની પ્રાપ્તિ થતી નથી.વેદ વિહિત પુણ્યકર્મોનું અનુષ્ઠાન સ્વર્ગ..વગેરે લોકોની કામનાથી કરવામાં આવે તો તે નિષિધ્ધ કર્મોની અપેક્ષાએ શ્રેષ્ઠ તો છે પરંતુ તે કર્મોથી મુક્તિ મળતી નથી કેમ કે ફળ ભોગ બાદ પુણ્યકર્મો નષ્ટ થઇ જાય છે અને તેને ફરીથી સંસારમાં આવવું પડે છે.આમ સકામ કર્મ અને તેનું ફળ બંન્ને ઉત્પન્ન અને નષ્ટ થવાવાળા છે તેથી આ બન્નેથી અસંગ થઇ એકમાત્ર પરમાત્મા તત્વને જ પ્રાપ્ત કરવું જોઇએ.આપણે સકામ કર્માનુષ્ઠાનરૂપી પાંદડાંમાં ન ફસાઈને સંસારવૃક્ષના મૂળ પરમાત્માનો જ આશ્રય લેવો જોઈએ.સંસારને ક્ષણભંગુર અનિત્ય જાણીને તેનાથી ક્યારેય સુખની આશા ન રાખવી જોઈએ.આને જ સંસારને યથાર્થરૂપે જાણવો કહે છે.

આ સંસારવૃક્ષની ગુણો (સત્વ-રજ અને તમ)ના દ્વારા વધેલી તથા વિષયરૂપી કૂંપળોવાળી શાખાઓ નીચે, મધ્યમાં અને ઉપર એમ બધી જગ્યાએ ફેલાયેલી છે.મનુષ્ય લોકમાં કર્મો અનુસાર બાંધવાવાળા મૂળ પણ નીચે અને ઉપર બધા જ લોકમાં વ્યાપ્ત થઇ રહ્યાં છે.(ગીતાઃ૧૫/૨)

ઉધ્વમૂલ પરમાત્માની નીચે સંસારવૃક્ષની શાખાઓ નીચે-મધ્ય અને ઉપર સર્વત્ર ફેલાયેલી છે એમાં મનુષ્ય યોનિરૂપી શાખા જ મૂળ છે કારણ કે મનુષ્ય યોનિમાં નવીન કર્મો કરવાનો અધિકાર છે. અન્ય શાખાઓ ભોગ યોનિઓ છે જેઓમાં ફક્ત પૂર્વકૃત કર્મોનું ફળ ભોગવવાનો જ અધિકાર છે.આ મનુષ્ય યોનિરૂપી મૂળ શાખાથી મનુષ્ય નીચે (અધોલોક) તથા ઉપર (ઉધ્વલોક) બન્ને બાજુ જઇ શકે છે અને સંસારવૃક્ષનું છેદન કરીને સૌથી ઉધ્વ પરમાત્મા સુધી પણ જઇ શકે છે એટલા માટે તુલસીદાસજી મહારાજે કહ્યું છે કે ×નરક સ્વર્ગ અપવર્ગ નિસેની,ગ્યાન બિરાગ ભગતિ શુભ દેની.× (મનુષ?ય શરીર નરક,સ્વર્ગ અને મોક્ષની નિસરણી અને કલ્યાણકારી જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિ આપનાર છે.)

સંસારવૃક્ષની મુખ્ય શાખા બ્રહ્મા છે.બ્રહ્માથી તમામ દેવ-મનુષ્ય વગેરે યોનિઓની ઉત્પત્તિ અને વિસ્તાર થયો છે એટલા માટે બ્રહ્મલોકથી પાતાળ સુધી જેટલા પણ લોક છે તેમાં રહેવાવાળા દેવ મનુષ્ય કીટ વગેરે પ્રાણીઓ છે તે તમામ સંસારવૃક્ષની શાખાઓ છે. જેવી રીતે જળ સિંચવાથી વૃક્ષની શાખાઓ વધે છે તેવી જ રીતે ગુણરૂપી જળના સંગથી આ સંસારવૃક્ષની શાખાઓ વધે છે.આ ગુણોનો સંગ રહેતાં સંસાર સાથેનો સબંધ વિચ્છેદ થઇ શકતો નથી.

આ સંસારવૃક્ષમાં વિષય ચિન્તન જ કૂંપળો છે.વિષય ચિન્તન ત્રણ ગુણોથી થાય છે.વિષય ચિન્તન કરતા રહીને મનુષ્યનો સંસાર સાથે સબંધ વિચ્છેદ થઇ શકતો નથી. વિષયોનું ચિંતન કરવાવાળા મનુષ્યની તે વિષયમાં આસક્તિ પેદા થઇ જાય છે.આસક્તિથી કામના પેદા થાય છે.કામનાથી ક્રોધ પેદા થાય છે. ક્રોધથી સંમોહ (મૂઢભાવ) થઇ જાય છે,સંમોહથી સ્મૃતિ ભ્રષ્ટ થઇ જાય છે,સ્મૃતિ ભ્રષ્ટ થઇ જવાથી બુધ્ધિનો નાશ થઇ જાય છે.બુધ્ધિનો નાશ થવાથી મનુષ્યનું પતન થઇ જાય છે.

અંતકાળમાં મનુષ્ય જે જે ભાવનું ચિંતન કરતો રહીને શરીરનો ત્યાગ કરે છે તે તે ભાવને જ પ્રાપ્ત થાય છે.આને જ વિષયરૂપી કૂંપળોનું ફુંટવું કહે છે.કૂંપળોની જેમ વિષયો પણ દેખાવમાં ખુબ જ સુંદર પ્રતિત થાય છે જેથી મનુષ્ય તેમાં આકર્ષિત થઇ જાય છે.પોતાના વિવેકથી પરીણામ પર વિચાર કરી તેમને ક્ષણભંગુર નાશવાન અને દુઃખરૂપ જાણીને એ વિષયોનો ત્યાગ કરી દેવો જોઈએ.વિષયોમાં સૌંદર્ય અને આકર્ષણ પોતાના રાગના કારણે જ દેખાય છે એટલા માટે વિષયોમાં રાગનો ત્યાગ જ વાસ્તવિક ત્યાગ છે. વિષયો વિષયુક્ત લાડુ સમાન છે.દોષમાં વિષયો કાળા સર્પના વિષથી પણ વધુ તીવ્ર છે કેમ કે વિષ તો ખાવાવાળાને જ મારે છે પરંતુ વિષયોને આંખથી દેખવાવાળાને પણ છોડતા નથી.

જો મોક્ષની ઈચ્છા હોય તો વિષયોને વિષની સમાન દૂરથી જ ત્યજી દેવા જોઈએ.મનુષ્ય સિવાયની બીજી બધી ભોગયોનિઓ છે.મનુષ્યયોનિમાં કરેલા પાપ-પુણ્ય ભોગવવા માટે જ મનુષ્યે બીજી યોનિઓમાં જવું પડે છે.નવાં પાપ-પુણ્ય કરવાનો અથવા પાપ-પુણ્યથી રહિત થઈને મુક્ત થવાનો અધિકાર અને અવસર મનુષ્ય શરીરમાં જ છે. હું શરીર છું એવું માનવું એ તાદાત્મય છે.શરીર વગેરે પદાર્થોને પોતાના માનવા એ મમતા છે. પૂત્રેષ્ણાત..વિત્તેષણા અને લોકેષણા.. આ ત્રણ પ્રકારની મુખ્ય કામનાઓ છે.પુત્ર પરીવારની કામના પૂત્રેષણા અને ધન સંપત્તિની કામના વિત્તેષણા છે. સંસારમાં મારાં માન-આદર થઈ જાય, હું જીવતો રહું, શરીર નિરોગી રહે, હું શાસ્ત્રોનો પંડિત બની જાઉં વગેરે અનેક કામનાઓ લોકેષણા છે.જો કે કામનાઓ બધી યોનિઓમાં ન્યૂનાધિકરૂપે રહે છે તો પણ તે મનુષ્ય યોનિમાં બાંધવાવાળી થાય છે.જયારે કામનાઓથી પ્રેરીત થઈને મનુષ્ય કર્મ કરે છે ત્યારે તે કર્મોના સંસ્કાર તેના અંતઃકરણમાં સંચિત થઈને ભાવિ જન્મ મરણનાં કારણ બની જાય છે.મનુષ્ય યોનિમાં કરેલા કર્મોનું ફળ આ જન્મમાં તથા મર્યા પછી પણ અવશ્ય ભોગવવું પડે છે. આમ તાદાત્મય-મમતા અને કામના રહેતાં કર્મો સાથેનો સબંધ છૂટતો નથી.

સ્વરૂપ બોધની કામના તથા સેવા કરવાની કામના આ ત્રણ ઈચ્છાઓ બાંધવાવાળી ન હોવાથી કામના કહેવાતી નથી.મનુષ્યયોનિમાં જ જીવ શુભાશુભ કર્મોથી બંધાય છે. આથી મનુષ્ય યોનિમાં તે મુક્ત થઈ શકે છે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ૨૦૨૨ ના અંત સુધી ગુજરાતના દરેક ઘરમાં નળથી જળ પહોંચશે : સરકાર

ગાંધીનગર,તા.૩૦

રાજયના જળસંપતિ અને પાણીપુરવઠા મંત્રી ઋષિકેશ પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૨ ના અંત સુધીમાં રાજયના દરેક ઘરમાં નળ થી જળ પહોંચાડવા માટે સરકાર સંકલ્પબદ્ધ છે. વિધાનસભાના પ્રશ્નોતરી કાળમાં પ્રત્યુત્તર આપતા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૪ સુધીમાં સમગ્ર દેશમાં નળથી જળ પહોંચાડવાનો દ્રઢ સંકલ્પ કર્યો છે, ત્યારે ગુજરાત સરકાર દ્વારા બે વર્ષ પૂર્વે જ વર્ષ ૨૦૨૨ ના અંત સુધીમાં આ નિર્ધાર પૂર્ણ કરવા કટિબદ્ધતા દાખવી છે.

ગૃહમાં દાહોદ જિલ્લામાં હર ઘર જલની સ્થિતિ અંગે પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીએ કહ્યું કે, દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓ પૈકી દાહોદ તાલુકાના ૮૮ ગામોમાં રૂ.૧૦૩.૨૬ કરોડના કામો મંજૂર કરીને ૭૪૮૭૭ ઘરો પૈકી ૩૪૫૨૦ ઘરોમાં નળથી જળ પહોંચાડવામાં આવ્યું છે.

તેમણે ક્રમશઃ તાલુકા પ્રમાણે વિગતો આપતા જણાવ્યું કે, દાહોદ જિલ્લાના દેવગઢ બારિયામાં ૭૫ ગામોમાં રૂ.૪૬.૯૩ કરોડના ખર્ચે ૫૧૦૦૯ ઘરો પૈકી ૨૮૩૫૩ ઘરોમાં, ધાનપુર તાલુકાના ૬૬ ગામોમાં રૂ.૩૨ કરોડના ખર્ચે ૩૩૯૫૩ ઘરો પૈકી ૨૬૮૭૨ ઘરોમાં, ફતેપુરાના ૧૦૧ ગામો પૈકી રૂ. ૮૦.૮૦ કરોડના ખર્ચે ૪૮૧૬૫ ઘરો પૈકી ૩૪૬૧૬ ઘરોમાં, ગરબાળા તાલુકાના ૪૨ ગામોમાં રૂ.૩૬.૧૫ કરોડના ખર્ચે ૩૭૩૪૯ ઘરો પૈકી, ૨૦૭૯૩ ઘરોમાં, લીમખેડામાં ૮૦ ગામોમાં રૂ. ૫૭.૬૯ કરોડના ખર્ચે ૩૭૮૭૯ ઘરો પૈકી ૧૯૯૫૫ ઘરોમાં, સંજેલી તાલુકાના ૫૬ ગામોમાં રૂ.૩૦.૫૬ કરોડના ખર્ચે ૨૧૪૦૯ ઘરો પૈકી ૧૬૩૫૮ ઘરોમાં , સિંગવડ તાલુકાના ૫૭ ગામોમાં રૂ. ૩૫.૩૪ કરોડના ખર્ચે ૨૫૭૬૯ ઘરો પૈકી ૧૬૪૨૨ ઘરોમાં અને ઝાલોદ તાલુકાના ૧૦૫ ગામોમાં રૂ. ૧૦૮.૯૦ કરોડના ખર્ચે ૭૯૧૯૩ ઘરો પૈકી ૪૯૮૬૫ કામોમાં નળ સે જળ અંતર્ગત કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. બાકીના ઘરોમાં ખૂબ જ ટૂંકાગાળામાં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન સરકારે હાથ ધર્યું છે.

ઋષિકેષ પટેલે કહ્યુ કે, રાજયના તમામ ગામો અને ફળિયાઓને સરફેસ સોર્સ આધારિત પાણીથી જોડવાનું આયોજન કર્યું છે. આ દરમિયાન લોકોને સમયસર નળના માધ્યમથી પાણી ઉપલબ્ધ થાય તે હેતુથી જ્યાં જુથ યોજનાનું પાણી ઉપલબ્ધ નથી, તેવા ગામોમાં હયાત સ્થાનિક સ્ત્રોત આધારિત અને નવા સ્થાનિક સ્ત્રોતના માધ્યમથી પાણી પહોંચાડવાની કામગીરી કાર્યરત છે.

## કોટનમાં ૪૬,૩૨૫ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૬૨,૪૨૫ ગાંસડીના સ્તરે

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૯૫ અને ચાંદીમાં રૂ.૪૩૮ની વૃદ્ધિઃ ક્રૂડ તેલમાં પણ તેજીનો માહોલઃ કપાસ, મેન્થા તેલમાં નરમાઈઃ રબર, કોટનમાં સુધારો

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૬૭,૩૨૧ સોદાઓમાં કુલ રૂ.૧૫,૧૩૭.૧૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના એપ્રિલ વાયદામાં ૭૪ પોઈન્ટ અને ઊર્જા સૂચકાંક એનર્જી ઈન્ડેક્સના એપ્રિલ વાયદામાં ૧૧૯ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭૦,૨૩૭ સોદાઓમાં કુલ રૂ.૫,૬૮૫.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૯૭૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૨૪૭ અને નીચામાં રૂ.૫૦,૮૧૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૯૫ વધી રૂ.૫૧,૧૦૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૧ વધી રૂ.૪૧,૧૮૦ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૩ વધી રૂ.૫,૧૧૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૯૩૦ના ભાવે ખૂલી, રૂ.૩૮૯ વધી રૂ.૫૧,૧૧૯ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૭,૨૪૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૭,૬૧૫ અને નીચામાં રૂ.૬૭,૦૮૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૪૩૮ વધી રૂ.૬૭,૩૮૫ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ. ૪૨૨ વધી રૂ.૬૭,૫૫૩ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૪૨૨ વધી રૂ.૬૭,૫૪૯ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭,૧૮૨ સોદાઓમાં રૂ.૧,૪૧૨.૮૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૫.૩૫ વધી રૂ.૨૮૩.૮૫ અને જસત માર્ચ વાયદો રૂ.૧.૮૦ ઘટી રૂ.૩૪૦ના ભાવ થયા હતા. આ સામે તાંબુ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૮.૫૫ વધી રૂ.૮૧૮.૩૫ અને ૦ કોન્ટ્રેક્ટ કોઈ ફેરફાર વગર રૂ. તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૪,૬૯૨ સોદાઓમાં કુલ રૂ.૩,૬૪૭.૩૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૯૪૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૧૬૪ અને નીચામાં રૂ.૭,૯૩૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૨૧૮ વધી રૂ.૮,૧૨૮ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૧૦ ઘટી રૂ.૪૦૬.૭૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૫૯૩ સોદાઓમાં રૂ.૨૦૫.૭૨ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૨,૧૭૪ બોલાઈ રહ્યો હતો. કોટન એપ્રિલ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૧,૩૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૨,૦૦૦ અને નીચામાં રૂ.૪૧,૨૭૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૫૦ વધી રૂ.૪૧,૯૮૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૫૬૯ના ભાવે ખૂલી, રૂ.૫૨ વધી રૂ.૧૭૫૭૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૧.૧૦ ઘટી રૂ.૧૦૬૨.૧૦ થયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૪૬૪ સોદાઓમાં રૂ.૩,૯૭૯.૦૨ કરોડનાં ૭,૭૪૮.૨૩૬ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૫૧,૭૭૩ સોદાઓમાં કુલ રૂ.૧,૭૦૬.૧૯ કરોડનાં ૨૫૨.૮૩૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૫,૦૩૭ સોદાઓમાં રૂ.૨,૩૫૦.૮૪ કરોડનાં ૨૯,૨૦,૫૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૧૯,૬૫૫ સોદાઓમાં રૂ.૧,૨૯૭ કરોડનાં ૩૧૯૨૬૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૧,૩૪૧ સોદાઓમાં રૂ.૧૯૩.૯૦ કરોડનાં ૪૬૩૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૨૨૮ સોદાઓમાં રૂ.૧૧.૦૪ કરોડનાં ૧૦૩.૩૨ ટન, રબરના વાયદાઓમાં ૨૧ સોદાઓમાં રૂ.૦.૫૬ કરોડનાં ૩૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૬૮૨.૩૭૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૩૫૩.૭૩૨ ટન, ક્રૂડ તેલમાં ૭૪૬૭૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૯૫૭૩૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૬૨૪૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૧૫.૮ ટન, રબરમાં ૬૫ ટન ના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૪૮૪ સોદાઓમાં રૂ.૩૮.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૪૮૨ સોદાઓમાં રૂ.૩૮.૫૨ કરોડનાં ૫૧૩ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૨ સોદાઓમાં રૂ..૨૧ કરોડનાં ૨ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૫૭૧ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૩૭ લોટ્સના સ્તરે રહ્યો હતો. એનર્જીડેક્સ એપ્રિલ વાયદો ૮,૨૩૧ના સ્તરે ખૂલી, ઊપરમાં ૮,૩૫૦ અને નીચામાં ૮,૨૩૧ના સ્તરને સ્પર્શી, ૧૧૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૮૫ પોઈન્ટ વધી ૮,૨૯૧ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે બુલડેક્સ એપ્રિલ વાયદો ૧૪,૯૯૯ના સ્તરે ખૂલી, ૭૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૮૫ પોઈન્ટ વધી ૧૫,૦૩૨ના સ્તરે સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૪૩૧૩૩ સોદાઓમાં રૂ.૪,૧૪૭.૨૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૪૦.૫૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૫.૧૦ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૪૩૮.૨૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૩૩.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૫૩.૭૪ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૫૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૦૯.૬૦ અને નીચામાં રૂ.૪૮૦ રહી, અંતે રૂ.૧૨૫.૫૦ વધી રૂ.૫૯૨.૪૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૪૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૨.૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૭.૪૦ અને નીચામાં રૂ.૨૧.૧૦ રહી, અંતે રૂ.૦.૮૦ ઘટી રૂ.૨૫.૮૦ થયો હતો. સોનું મે રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૬.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૨.૫૦ અને નીચામાં રૂ.૧૬૩.૫૦ રહી, અંતે રૂ.૨૮ વધી રૂ.૧૯૫ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૦૮.૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૧૨ અને નીચામાં રૂ.૨૪૧ રહી, અંતે રૂ.૬૩.૮૦ ઘટી રૂ.૨૫૩.૨૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૩.૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૫.૭૦ અને નીચામાં રૂ.૨૧.૦૫ રહી, અંતે રૂ.૧ વધી રૂ.૨૨.૯૫ થયો હતો. સોનું મે રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૬૮ ખૂલી, ઊપરમાં રૂ.૭૭૫ અને નીચામાં રૂ.૬૪૧.૫૦ રહી, અંતે રૂ.૧૧૯ ઘટી રૂ.૬૯૬ થયો હતો.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO - 0050

વિષય - સંબંધો/લાગણીઓનાં મહેણાં ટોણાં

વિભાગ - પદ્ય

શીર્ષક - કેવાં સંબંધો..?

હે માનવી સારા કર્મ કરવાનું ભૂલી જાય છે..!
પણ દુઃખ પર વિજય મેળવી શકું છું ..!
દરેકનાં જીવનની એ પળ છે..!
ખાસ તો જીવન મહીં..!
દરેક બીબામાં ઢળી જાતી એતો..!
માત્ર થોડો સ્નેહને હુંફ આપો..!
નથી જોઈતાં કોઈ મહેણાં કે ટોણાં..!
બધાથી લડી લે છે પણ..!
આ બોલાયેલા શબ્દો દે છે,
માત્ર □દયમાં ઘા ક્યારેય નથી પુરાતા..!
પ્રેમ આપશો હસી થી જીલવી લઈશ..!
વિપત્તિમાં ભય નાં પામું..!
દુઃખને સંતાપથી ચિત્ત વ્યથિત ના થઈ જાય?.!
મારું આત્મબળના તૂટી જાય..!
હે પ્રભુ દેજો એટલી શક્તિ..!
સુખનાં દિવસોમાં નમ્ર ભાવે તમારું મુખ ઓળખી શકું..!
દુઃખની રાતે સમગ્ર ધરા જ્યારે પગ તળેથી ખસી જાય..!
ત્યારે તમે મારો હાથ ઝીલી લેજો..!
હે જીવડાં સુઈજા છાનો માનો..!
ક્યારેક જીવનમાં સંતોષ કે આનંદ આવ્યાં નહીં..!
ઘા જીકતા હૈયા સ્પર્શ્યું લોક લોકનું બોલવું ,
દલડે દલડે સ્પંદન કરતાંએ શબ્દો રૂપી વાવેતર કેવું..?
જાગી ગયો માયલો કેવો..?
ફૂટી જ્યાં લાગણીની પાંખોને, થૂ થૂ કરે ખાટી-મીઠી એકલતાને..!
જીવતર નકામું ગયું..?
સુખ ને દુઃખ બેઠાં ટોલડે..!
કરે સંબંધોની ઘટમાળની યાદો..!
ક્યાંક પ્રમૂએ પ્રેમની વાવણી ના કરી..!

રાગીની શુક્લ "રાગ", મુંબઈ

-----------------------------------------------

NOG SS NO : 0001

પ્રકાર : ગદ્ય

શિર્ષક : સંબંધો ના મહેણા. ટોણા

આપણાં એક ડોક્ટર સર્જકે તેમની રચના માં પ્રથમ લીટી માં કહ્યું કે મનુષ્ય સામાજિક પ્રાણી છે.. સાચી વાત..ક્યારેક સંબંધો માં પણ એવા ચિત્ર વિચિત્ર કિસ્સાઓ આપણી આંખ સામે આવે ત્યારે એમ થાય કે આવું તો સામાજિક કૃત્ય પ્રાણીઓ પણ નહિ કરતા હોય..પ્રત્યેક સંબંધ ને એક એવા સંબંધ નું ગરણું હોવું જોઈએ કે તે ચાહ ના કુચ્ચા ની જેમ નકામું બહાર ફેંકી દઈ સ્વચ્છ આંતર સંબંધ જાળવી શકે અને પ્રત્યેક સ્વચ્છ કોઈપણ સંબંધ ની અનુભૂતિ તો જ આપણ ને થાય છે અને બોલાઈ જાય છે કે મને પણ એમ થતું હતું..મને પણ એમ જ થાય છે... આપણે કેટલા સદનસીબ છીએ કે આપણી તો આખી એડમીન ટીમ સાહિત્ય નું મોટામાં મોટું ગરણું છે..પણ કોઈક કારણ સર હવે એવો સમય આવ્યો કે આપડી કોઈ ભૂલો કાઢે તે સહન થતી નથી.આપડી ઈજ્જત.આબરૂ જાણે લૂંટાઈ જતી હોય તેવું સ્વભાવગત બદલાયું છે..આધુનિક યુગ માં હવે રચનાઓ નિર્ણાયક તપાસ્યા વિના મૂકે તે સૌ ને કોઠે પડી ગયું છે .હવે મફત માં સલાહ,સેવા નો જમાનો લોકો ને ઠગાઈ જેવો લાગે છે અને મશ્કરી સમાન અનુભવી સાહિત્ય કારોને ગણી રહ્યા છે..એક થી એક ચડિયાતા બની માન સન્માનો અને એવોર્ડ.સોશિયલ મીડિયા માં વાહ વાહ અને લાઈક.કોમેન્ટ ની દોડ લાગી છે..માટે જ માટે ભાગે લોકો મને કમને વાહ વાહ,સરસ લખી કકળાટ ટાળવા ખુશ કરતા હોય છે...દ્રષ્ટિ બદલી શકાય પણ દ્રષ્ટિકોણ બદલવો અઘરો છે.આજકાલ સામાજિક,રાજકીય અને વ્યવસાઇક જીવન માં પણ કોઈ પોતાના ઉપરી,સલાહકાર ને સ્વીકારવા તૈયાર નથી..જેથી અખતરા રૂપી ભૂલો આજકાલ સામાજિક અને રાજકીય,વ્યવસાઇક જ્યા અને ત્યાં જોવા મળે છે..આજકાલ સામાજિક ફેશન બદલાઈ ગાઈ..માબાપ વૃદ્ધાશ્રમ,,છૂટા છેડા લઈ ને કોન્ટ્રેક મેરેજ લાઇફ, છતી પત્નીએ એક બહાર વાળી ફેશનેબલ અને બીજી ઘરવાળી જે આખા સમાજ ને સમજાવી થાબડી ઈજ્જત રાખે..છોકરાઓ અન છોકરીઓ માટે ખુદ માં બાપ બાયોડેટા માં કહે છે કે તેમને એક બે ગર્લફ્રેન્ડ અને બોય ફ્રેન્ડ હશે ...રાજકીય નેતાઓ અને મોટા વ્યવસાઇક લોકોમાં દ્વિપત્ની એક ફેશન બની ગઈ છે અને બંને ના સંતાનો પણ રાજકારણ માં સામસામી લડતા હોય. આવું જ ક્યાંક બદલાતા ધર્મ સંસ્કૃતિ માં પણ અછાજતું સેવકો,સેવિકાઓ,સંતો અને મહંતો માં પણ ક્યાંક ક્યાંક જોવા મળે છે...આ છે આધુનિક બદલાતા સામાજિક,રાજકીય,વ્યવસાઇક જીવન નો વાસ્તવિક આયનો અને તે આયના ને સમાચાર,સોશિયલ મીડિયા માં મહેણા ટોણા શબ્દાર્થ બનાવી જાત જાતની સિરિયલો થી આજનો યુવા અને યુવતી બદલાતા જીવન ની અનુભૂતિ કરાવે છે....બોલો આમાં ક્યા આપના સાહિત્ય ની સારી સારી રચનાઓ ના શબ્દાર્થ અસર કરે....

પ્રદીપ રાવલ.સંચાલક

## વૃક્ષો વાવો, સમૃદ્ધિ લાવો
## વૃક્ષમ શરણં ગચ્છામી

વૃક્ષોનું વાવેતર કરી, જંગલોનું રક્ષણ થાય, પર્યાવરણ સંવર્ધન થકી દેશમાં સમૃદ્ધિ આવે એ માટે આજે વધુને વધુને વૃક્ષોનું વાવેતર કરવું જરૂરી છે. વધતા જતા શહેરીકરણનાં કારણે દિવસે દિવસે વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે. શહેરો લંબાતા જાય છે અને ગામડાઓ એમાં વિલીન થતા જાય છે. રોજ રોજ નવા રોડ રસ્તા બનાવવામાં, ઈન્ડસ્ટ્રીઝ ઉભી કરવામાં કેટકેટલાં વૃક્ષોનો ભોગ લેવાય રહ્યો છે.

પર્યાવરણની જાળવણીમાં વૃક્ષો, જંગલો અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. વૃક્ષો કાર્બન ડાયોક્સાઈડ શોષીને પ્રાણવાયુ આપે છે. વૃક્ષારોપણ માત્ર ચોમાસામાં જ થાય એ ખ્યાલમાંથી બહાર આવીને વધુમાં વધુ વૃક્ષોનું રોપણ કરવું આવશ્યક છે. જ્યાં ઈલેક્ટ્રોનિક તાર પસાર થતા હોય બરાબર તેની વચ્ચે વૃક્ષો ન વાવવા જોઈએ. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં પર્ણો પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. કેટલાંક વૃક્ષોના મૂળિયાં અને પર્ણો ઔષધિ તરીકે વપરાય છે. કેટલાંક વૃક્ષોનાં પાન પડિયા-પતરાળાં બનાવવાના કામમાં આવે છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટેમાર્ગુઓ વિશ્રામ કરે છે. વળી વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી ઉજ્જડ લાગે છે. ૫૦ વર્ષોમાં એક ઝાડ ૨૦ કિલો ધૂળ શોષે છે, કુલ ૭૦૦ કિલો ઓક્સિજનનું ઉત્સર્જન કરે છે, ૨૦ ટન કાર્બન ડાયોક્સાઈડ શોષે છે, ૮૦ કિલો પારો, લિથિયમ, લેડ વગેરે ઝેરી ધાતુનાં મિશ્રણને શોષવાની ક્ષમતા ધરાવે છે, આશરે ૧ લાખ ચોરસ મીટર દુષિત હવા ફિલ્ટર કરે છે, ૩૫ લાખ રૂપિયાનાં વાયુ પ્રદુષણનું નિયંત્રણ, ૪૧ લાખ રૂપિયાનાં પાણીનું રીસાયકલીંગ, ૩% તાપમાનમાં ઘટાડો કરે છે. ગરમીમાં એક વૃક્ષની નીચે સરેરાશ ચાર ડિગ્રી સુધી તાપમાન ઘટે છે. ઘરની પાસે વૃક્ષ અકોસ્ટિક વોલની જેમ કામ કરે છે એટલે ઘોંઘાટ/ધ્વનિ શોષે છે. એક વયસ્ક વ્યક્તિ દ્વારા જીવનભર ફેલાયેલા પ્રદુષણ ને ૩૦૦ ઝાડ મળીને શોષી શકે છે. આ માટે વધુને વધુ વૃક્ષો વાવવા જોઈએ.

વૃક્ષમ શરણં ગચ્છામી

મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

### શ્રી અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના—રાજકોટ દ્વારા મનુભાઈ મીરાણી સંચાલિત
## 'શ્રી રઘુવંશી વૈવિશાળ માહિતી કેન્દ્ર' ના ઉપક્રમે રઘુવંશી ડોક્ટર્સ યુવક યુવતીઓ માટે ઓનલાઈન 'શ્રી રઘુવંશી ડોક્ટર્સ પરીચય મેળો

રઘુવંશી સમાજનાં વરિષ્ઠ સમાજ સેવક મનુભાઈ મીરાણી દ્વારા ૨૧ વર્ષથી લોહાણા સમાજનાં લગ્નોઉત્સુક યુવક—યુવતીઓ માટે નિઃશુલ્ક 'રઘુવંશી વૈવિશાળ માહિતી કેન્દ્ર' ચલાવવામાં આવે છે. અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના—રાજકોટ દ્વારા મનુભાઈ મીરાણીના માર્ગદર્શનમાં રઘુવંશી ડોકટર્સ યુવક-યુવતીઓ માટે શ્રી રઘુવંશી ડોકટર્સ ઓનલાઈન પરીચય મેળાનું આયોજન તા.૦૯/૦૪/૨૦૨૨, શનીવારનાં રોજ સાંજે ૬-૦૦ કલાકથી કરાયું છે.

સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છનાં લાખો રઘુવંશીઓનાં શૈક્ષણીક, મેડીકલ, સુરક્ષા, સેવાકીય સહીતનાં ક્ષેત્રોમાં પ્રગતી માટે એક દશકાથી વધારે સમયથી જુનાગઢના ડેપ્યુટી મેયર અને અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેનાનાં અધ્યક્ષ ગિરીશભાઈ કોટેચાનાં માર્ગદર્શનમાં અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના સેવારત છે. જ્ઞાતિ સેવા માટે કેન્દ્રિય સંગઠન નાં પદુભાઈ રાઈચુરા, કૃષ્ણકાંતભાઈ રૂપારેલીયા,મહિલા શ્રેષ્ઠી શ્રીમતી કશ્મીરાબેન નથવાણી, જગદીશભાઈ જોબનપુત્રા સહિતનાંઓ સૌરાષ્ટ્ર-કચ્છ સંગઠન ને માર્ગદર્શન આપી રહ્યાં છે.

યુવક-યુવતીઓ 'લગ્ન પહેલા થેલેસેમીયા ટેસ્ટ' અચુક કરાવે અને તેના થકી આગામી વર્ષોમાં 'થેલેસેમીયા મુકત રઘુવંશ, થેલેસેમીયા મુક્ત સમાજ' બને, તથા કમળા ફૂલ જેવા બાળકો મોતના મુખમાં જતા અટકે તેવા ઉમદા, પવિત્ર આશયથી હવેથી થેલેસેમીયા ટેસ્ટ કરાવ્યો હોય તેને જ નિઃશુલ્ક શ્રી રઘુવંશી વૈવિશાળ માહીતી કેન્દ્ર માં પ્રવેશ અપાઈ રહયો છે. વૈવિશાળ માહિતી-માર્ગદર્શન અપાઈ છે.આ નિયમનું અત્યંત કડક અમલીકરણ કરાઈ રહ્યું છે.

રઘુવંશી સમાજના વૈશ્વીક શ્રેષ્ઠીઓ આ પરીચય મેળાને આશીર્વાદ આપવા ઓનલાઈન ઉપસ્થિત રહેશે. સમગ્ર આયોજન અંગે લોહાણા સમાજની બધી સંસ્થાઓ, મેરેજ માહિતી કેન્દ્રના સંચાલકોનો સક્રિય સહયોગ મળી રહ્યો છે. સમગ્ર વિશ્વના રઘુવંશી ડોકટર્સોના વિવિધ એસોસીએશનના સર્વે અગ્રણીઓનો પણ સક્રિય સહયોગ મળી રહ્યો છે. નિઃશુલ્ક, રઘુવંશી ડોકટર્સ યુવક-યુવતીઓ માટે શ્રી રઘુવંશી ડોકટર્સ પંસદગી સમારોહની વિશેષ માહિતી માટે મનુભાઈ મીરાણી (મો.૯૪૨૮૪૬૬૬૬૩), અને વોટસએપ પર બાયોડેટા મોકલવા માટે, મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯). સંજયભાઈ કક્કડ (મો.૯૮૨૪૦૪૩૭૯૯), નિતીનભાઈ ભુપતાણી (મો.૯૪૨૬૪૬૦૨૯૫), પ્રફુલભાઈ ચંદારાણા (મો.૯૪૨૬૪૦૬૭૩૨) પર સંપર્ક કરવો. આ ઓનલાઈન પરીચય મેળામાં સમગ્ર વિશ્વમાંથી ૧૭૫ લગ્નોત્સુક રઘુવંશી ડોકટર્સ ભાગ લેશે.

શ્રી અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના—રાજકોટ દ્વારા મનુભાઈ મીરાણી સંચાલિત શ્રી રઘુવંશી વિશાળ માહિતી કેન્દ્ર (નિઃશુલ્ક) ના ઉપક્રમે રઘુવંશી ડોકટર્સ યુવક-યુવતીઓ માટે ઓનલાઈન 'શ્રી રઘુવંશી ડોકટર્સ પરીચય મેળા ને સફળ બનાવવા માટે અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના—રાજકોટનાં પ્રમુખ મિતલ ખેતાણી, સલાહકાર સમિતીના અધ્યક્ષ અને પૂર્વ મેયર જનકભાઈ કોટક, સૌરાષ્ટ્ર-કચ્છની યુવા પાંખના અધ્યક્ષ કલ્પેશ હરીશભાઈ પલાણ, ઉપપ્રમુખો ભરતભાઈ કોટક, દિપકભાઈ રાજાણી, ગૌરાંગભાઈ ઠકકર, નલીનભાઈ તન્ના, ચંદુભાઈ રાયચુરા,મહામંત્રીઓ સંજયભાઈ કકકડ અને કનુભાઈ હિંડોચા, થેલેસેમીયા સમિતીનાં જીતુલભાઈ કોટેચા, ધર્મેશભાઈ કકકડ, બાલાભાઈ સોમૈયા, રાજકોટ યુવા પાંખના અધ્યક્ષ હિરેન વડેરા, ચેતનભાઈ ગણાત્રા, રાજેશભાઈ કારીયા, ધીરેન્દ્રભાઈ કાનાબાર, કિરીટભાઈ કેસરીયા, પ્રફુલભાઈ ચંદારાણા, નીતીનભાઈ ભુપતાણી, પાર્થ ધામેચા, મિત્સુ ઠકરાર સહિતનાં જહેમત ઉઠાવી રહયાં છે.

### બાગાયત ખાતા દ્વારા શહેરી અને ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ માટે
## ફળ અને શાકભાજી પરીરક્ષણ યોજના અંતગર્ત "મહિલા તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ" ઘટકમાં લાભ લેવા બાબત

નાયબ બાગાયત નિયામક અમદાવાદની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર અમદાવાદ જીલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ માટે ફળ અને શાકભાજી પરીરક્ષણ યોજના અંતગર્ત "મહિલા તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ" ઘટકમાં લાભ લેવા માંગતા હોય તેવા મહિલા તાલીમાર્થીઓ માટે તારીખ ૦૧/૦૪/૨૦૨૨ થી આઈ-ખેડૂત પોર્ટલ (www.ikhedut.gujarat.gov.in) ખુલ્લું મુકવામાં આવનાર છે. જેથી આ યોજનાનો લાભ લેવા માંગતા મહિલા તાલીમાર્થીઓએ પોતાના ગામના ઈ-ગ્રામ સેન્ટર કે કોઈ ખાનગી ઈન્ટરનેટના માધ્યમ દ્વારા ઓનલાઈન અરજી કરી શકાશે. તેમ બાગાયત વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

મહિલા તાલીમાર્થીઓએ અરજી કર્યા બાદ ઓનલાઈન કરેલ અરજીની પ્રિન્ટઆઉટ અને તેની સાથે જરૂરી સંબધિત સાધનિક કાગળો (આધારકાર્ડ, રેશનકાર્ડ, બેંક પાસબુકની નકલ/બેંક ખાતાની વિગત) સહીત ૭ દિવસમાં નાયબ બાગાયત નિયામકની કચેરી, પ્રથમ માળ,બ્લોક-સી, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે જમા કરવા જણાવવામાં આવ્યું છે.



તાજેતર માં ઈન્ટરનેશનલ ઓલિમ્પિક્સ કમિટી (આઈ.ઓ.સી) ; લાઉસેન, સ્વિટઝરલેન્ડ ની કારોબારી બેઠક માં વર્ષ ૨૦૨૨ - ૨૩ માટે વિવિધ કમિટી ની નવી રચના થઈ છે જેમાં ઈન્ડિયા થી સિનીયર ઓર્થો-રિહેબ પ્રોફેશનલ તરીકે કાર્યરત ડો. અમિત પટેલ ને લાઈયેસન ઓફીસર તરીકે ફરી થી સ્થાન મળેલ છે. ઉલ્લેખનીય છે કે ડો. પટેલ; હાર્વર્ડ મેડિકલ સ્કૂલ (હાર્વર્ડ યુનિવર્સીટી) બોસ્ટન, મેસેચ્યુસેટ્સ, (યુ.એસ.એ), વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈસેશન (ડબ્લ્યૂ.એચ.ઓ) વિગેરે સંસ્થાઓ માં પોતાની માનદ સેવાઓ આપી રહ્યા છે. ઈન્ટરનેશનલ ઓલિમ્પિક્સ કમિટી માં સ્થાન મેળવવા પર મિનિસ્ટ્રી ઓફ યુથ એફેર્સ એન્ડ સ્પોર્ટ્સ (ભારત સરકાર) એ પણ શુભેચ્છા પાઠવેલ છે.

### વિધાનસભાની જ કેન્ટીનમાં ઊઘાડી લૂંટ
## છાશના ભાવ એમઆરપી કિંમત કરતાં વધુ વસુલાત કરવાથી તોલમાપ વિભાગના દરોડા પાડયા

ગાંધીનગર,તા.૩૦

ગુજરાત વિધાનસભાનું અત્યારે બજેટ સત્ર ચાલી રહ્યું છે, ત્યારે ગુજરાત વિધાનસભાની કેન્ટીનમાંથી જ તમામ ધારાસભ્યો અને પ્રધાનોની કાર્યાલયમાં ચા અને નાસ્તો સપ્લાય કરવામાં આવે છે. જો કે, આજે નિયમ પ્રમાણે ચીજવસ્તુઓના વજન અને તે પ્રકારની માહિતી ન આપવાથી તોલમાપ વિભાગ દ્વારા વિધાનસભાની કેન્ટીનમાં દરોડા પાડવામાં આવ્યા હતા. ૨,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે, જ્યારે સૂત્ર પરથી મળતી માહિતી પ્રમાણે છાશના ભાવ એમઆરપી કિંમત કરતાં વધુ વસુલાત કરવાથી તોલમાપ વિભાગના દરોડા પાડયા હતા.

ભોજનની વાત કરવામાં આવે તો કેન્દ્રીય ફૂડ સેફટી દ્વારા શુદ્ધ અને સાત્વિક સાથે સ્વચ્છતા ધરાવતા કેન્દ્રો અને કેમ્પસને એવોર્ડ આપવામાં આવતા હોય છે, ત્યારે કેન્દ્રીય ફૂડ સેફટી ઓથોરિટી દ્વારા ગુજરાત વિધાનસભાની કેન્ટીનને બેસ્ટ ઈટ રાઈટ કેમ્પસનો એવોર્ડ આપવામાં આવ્યો હતો, ૧૨ નવેમ્બર ૨૦૨૦ના દિવસે ગુજરાત વિધાનસભાની કેન્ટીનને ઈટ રાઈટ એવોર્ડ પ્રાપ્ત થતા સમગ્ર દેશમાં પ્રથમ વિધાનસભા તરીકે તેમને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૦ના બજેટ સત્ર દરમિયાન બે માર્ચના રોજ ગુજરાત વિધાનસભામાં ખાવાની ડીશમાંથી મૃત જીવડા નીકળ્યા હતા. જેને લઈને વિધાનસભાગૃહમાં પણ ભારે હોબાળો થયો હતો, ત્યારે આ જ વિધાનસભા અને કેન્દ્ર સરકારની ફૂડ સેફટી ઓથોરિટી દ્વારા એવોર્ડ આપવામાં આવ્યો છે અને આજે ફરીથી ગુજરાત વિધાનસભાની કેન્ટીન ૨૦૦૦ રૂપિયાના દંડથી ચર્ચામાં આવી છે.

મહત્વની વાત કરવામાં આવે તો ગુજરાત રાજ્યમાં કોઈપણ કેન્ટીન લોજ રેસ્ટોરન્ટ કે હોટલમાં ખાવા પીવાની તમામ ચીજવસ્તુના ભાવ અને વજન દર્શાવવા પડે છે. સાથે જ મેક્સિમમ રિટેલ પ્રાઈઝથી વધુ કિંમત વસૂલ કરવુ પણ ગુનો બને છે, ત્યારે ગુજરાત વિધાનસભાની કેન્ટીનમાંની કિંમત વધુ વસૂલવામાં આવતી હોવાની ફરિયાદ તોલમાપ વિભાગને મળી હોવાનું સૂત્રો તરફથી સામે આવ્યું છે. જેથી તોલમાપ વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરીને બે હજાર રૂપિયાનો દંડ વસુલ કરવામાં આવ્યો છે.

## વિશ્વ માંગલય સભાનું સ્નેહ સંમેલન યોજાયું

કુટુંબનો સૌથી મહત્વપૂર્ણ પાયો ×માતા× છે. કાબીલ અને સક્ષમ માતા સાથે કુટુંબ દરરોજ વૃદ્ધિ પામે છે.પરંપરા ને અનુસરીને આપણી ×માતા×પ્રત્યે વધુ મજબૂત, સુસંસ્કૃત, પરિપક્વ, શક્તિશાળી અને જાજરમાન વ્યક્તિત્વ બનાવવા તેમજ દેશભક્તિ પ્રત્યેકર્ત વ્યનિષ્ઠ વ્યક્તિત્વ બનાવવા માટે×વિશ્વ માંગલ્ય સભા×અને મહિલા સંસ્થા છેલ્લા ૧૨ વર્ષથી સમગ્ર ભારતમાં કાર્યરત છે.

×વિશ્વ માંગલ્ય સભા× ની સ્થાપના વર્ષ ૨૦૧૦ માં નાગપુરમાં પ.પૂ. શ્રી જિતેન્દ્રનાથ મહારાજની પ્રેરણાથી કરવામાં આવી હતી અને આજે તે દેશના ૨૧ રાજ્યોમાં કાર્યરત છે. વિશ્વ માંગલ્ય સભાની અખિલ ભારતીય બેઠક ૨૫, ૨૬, ૨૭ માર્ચ ૨૦૨૨ ના રોજ કર્ણાવતીમાં યોજાઈ હતી. સમગ્ર ભારતમાંથી કેન્દ્રીય અધિકારીઓ કર્ણાવતી પહોંચ્યા હતા. મીટિંગના સમાપનની યાદમાં, ગુજરાત યુનિવર્સિટી ખાતે વિશ્વ માંગલ્ય સભા અને ગુજરાતના કાર્યકરો ના પરિવારોનું ×સ્નેહસંમેલન× યોજાયું હતું.

આવનારી સદીમાં રાષ્ટ્રની પ્રગતિ અને સર્વાંગી વિકાસ કઈ દિશામાં થશે. તે બાળકો અને યુવાનોની બુદ્ધિ તેમજ વિચાર સરણી નક્કી કરે છે. તેમના વિચારો માતૃભૂમિ પ્રત્યે તેમજ દેશભક્તિ પ્રત્યે ભાવનાત્મક જોડાણ નક્કી કરે છે. માતા એ બાળકની પ્રથમ પ્રેરણા છે અને તે હંમેશા નૈતિકતા, વિચારધારાઓ અને બાળકના વિકાસને મજબૂત બનાવવા માટે જવાબદાર છે. ×માં× પ્રથમ શિક્ષક કહેવાય છે.પરંતુ વર્તમાન સંજોગોને જોતા આજની માતા પોતે પણ મૂંઝવણમાં છે. કદાચ આ ભારતમાં રહેલા દરેક ઘરની વાર્તા છે.

વિશ્વ માંગલ્ય સભાએ હંમેશા એક ધ્યેય તરફ કામ કર્યું છે, જેઆ સંસ્થા દ્વારા ભારતના દરેક ઘરમાં એક ઉત્તમ ×માં× બનાવવાનું લક્ષ્ય ધરાવે છે અને છેલ્લા ૧૨ વર્ષ થી તેઆ દિશામાં સારું કામ કરી રહી છે અને તે કરવાનું ચાલુ રાખશે. ગુજરાતમાં, વિશ્વ માંગલ્ય સભા આઠ જિલ્લામાં કાર્યરત છે.

ગુજરાતમાં ૨૫, ૨૬ અને ૨૭ માર્ચ ૨૦૨૨ના રોજ સેન્ટ્રલ એક્ઝિક્યુટિવ બોડીની બેઠક યોજાઈ હતી જે માંગત વર્ષ દરમિયાન કરાયેલી કામગીરી અને આગામી વર્ષમાં થનારી કામગીરીનું પ્રદર્શન અને ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલમાં એક પરિચય પરિષદ યોજવામાં આવી હતી જેના દ્વારા વિશ્વ માંગલ્ય સભા ગુજરાતમાં વિસ્તરણ કરશે અને નવા આયામોનું અન્વેષણ કરશે. કર્ણાવતીની સમગ્ર કારોબારી સમિતિ, વિશ્વ માંગલ્ય સભાપણ ×સ્નેહસંમેલન× માં જાહેર કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૭૦૦ થી વધુ લોકો હાજર રહ્યા હતા.

શ્રી જિતેન્દ્રનાથ મહારાજે વિશ્વમાંગલ્યના ઉદ્દેશ્યને સંબોધતા, નવી રચાયેલી કારોબારી મંડળને આશીર્વાદ આપ્યા. વિશ્વ માંગલ્ય સભાના સ્થાપક માનનીય શ્રીજીતેન્દ્રનાથજી મહારાજે સર્વેને સંબોધિત કરતા જણાવ્યુંકે વિશ્વ માંગલ્ય સભા ત્રણ સ્ટેજમાં કાર્ય કરે છે. સંસ્કાર સભા ,છાત્ર સભા તથા સદા ચાર સભા તથા આપણી સંસ્કૃતિ ,ધરોહર અમર રહે તેમજ દેવ, દેશ અને ધર્મની એ એક જ શક્તિ છે. અને આ ત્રણે ના રક્ષણ હેતુ વિશ્વ માંગલ્ય સભા કાર્ય કરે છે. આજની તારીખે ૫,૮?,??? કાર્યકરો છે.આ કાર્યક્રમ માં



ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી દેવવ્રતજી આચાર્ય મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તથા તેમણે સર્વેને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે પ્રાચીન ભારતથી લઈને વર્તમાન ઋષિ-મુનિ ,સાધુ-સંતોએ ભારતીયનારીના સ્વરૂપની જે કલ્પના કરીએ એટલી ઊંચી છે કે એમના આગળ બીજી કોઈ ઊંચાઈ રેહતી નથી. જયારે આપણે પ્રાચીન ભારતને ભણીયે છીએ ત્યારે ત્યાં વિદ્યાનોઆદર ×સરસ્વતી× માં માનવામાં આવે છે,વીરતાનો આદર ×દુર્ગા× માં માનવામા આવે છે અને ભગવાન નો આદર જગત જનનીમાં માનવામાં આવે છે. પ્રાચીનકાળથી માતાને ખુબ જ ઊંચો દરજ્જો આપવામાં આવ્યો છે .વેદ કહે છે કે સૃષ્ટિની રચના કરવાવાળો પરમાત્મા છે. પરંતુ આ સૃષ્ટિને ચલાવાવાળી માતૃશક્તિ છે.જે બ્રમ્હાનું બીજું સ્વરૂપ છે.માતા વગર આ સૃષ્ટિચાલી જશકે નહિ.પુત્ર કુપુત્ર હોઈ શકે પરંતુ માતા કુમાતા ના હોઈ શકે જે આપણા વેદમાં હંમેશા કહેવામાં આવ્યું છે.માતાનું હૃદય પોતાના સંતાનો માટે એટલું ઉદાર હોય છે કે ગમે તેટલું બલિદાન કરી શકે છે.અને એટલે જ કહેવામાં આવ્યું છે કે ×માતૃદેવો ભવઃ ×.માતામોટામાં મોટું દેવ છે.વિશ્વ માંગલ્ય સભાનું મૂળ કેન્દ્રબિંદુઆ જ છે કે આ સમયમાં આપણી માતૃશક્તિ આપણા સ્વરૂપને ઓળખે અને ભારતના જીવનમૂલ્યોને સમજે.આ કાર્યક્રમ સૌ. શ્વેતા જનક ખાંડવાલાના અધ્યક્ષતા હેઠળ થયો હતો.

# કિર્લોસ્કર મોટર્સે "હાઈ-એફિશિયન્સી લો વોલ્ટેજ ઈલેક્ટ્રીક મોટર્સ" લોંચ કરવાની જાહેરાત કરી




મુંબઈ, માર્ચ, ૨૦૨૨: એન્જિન, પાવર જનરેશન સેટ અને કૃષિ ઉપકરણોમાં અગ્રણી તથા ઈન્ડસ્ટ્રી લીડર કિર્લોસ્કર ઓઈલ એન્જિન્સ લિમિટેડ (કેઓઈએલ) ઘણાં દાયકાઓથી વિશ્વભરમાં લોકોના જીવનમાં પરિવર્તન લાવવામાં સહાયક રહ્યું છે. નવી પ્રોડક્ટ્સ અને સેવાઓના લોંચ દ્વારા ગ્રાહકોના જીવનમાં સકારાત્મક અસર પેદા કરવાના તેના વિઝન સાથે કિર્લોસ્કર ઓઈલ એન્જિન્સ લિમિટેડ ગર્વથી હાઈ-એફિશિયન્સી લો વોલ્ટેજ ઈલેક્ટ્રીક મોટર્સ લોંચ કરે છે, જે ઉદ્યોગોમાં તમામ એપ્લીકેશન્સમાં મશીનને પાવર પ્રદાન કરશે.

ઉચ્ચ-સ્તરીય પ્રદર્શન અને કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા આ મોટર્સ હાઈ-ગ્રેડ કોપર વાયર્સ અને ટાઈપ દ્વારા ઉત્પાદિત કરાય છે, જે બીઆઈએસ-મંજૂરી પ્રાપ્ત, એનએબીએલ-એક્રિડેટેડ ટેસ્ટ લેબ દ્વારા પરિક્ષિત છે. ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સની શ્રેણી તથા ઉત્તમ સેલ્સ અને સર્વિસ નેટવર્કના સહયોગથી કિર્લોસ્કર ઓઈલ એન્જિન્સ 'અપેક્ષાઓથી વધુ પ્રદર્શન''ના મીશન સાથે ઈલેક્ટ્રીક મોટર્સ માર્કેટમાં ભવ્ય પ્રવેશ કરે છે.

આ પ્રસંગે વાત કરતાં એક્ઝિક્યુટિવ ચેરમેન અતુલ કિર્લોસ્કરે કહ્યું હતું કે, "અમે અમારા ગ્રાહકોની સંતુષ્ટિ માટે તથા ખર્ચ બચાવવામાં તેમને મદદ કરવા હંમેશા પ્રોડક્ટ્સ અને સોલ્યુશન્સ લઈને આવીએ છીએ. આ પરંપરાને આગળ ધપાવતા અમે કિર્લોસ્કર મોટર્સની નવી શ્રેણી રજૂ કરતાં ઉત્સાહિત છીએ. અમે આજનું લોંચ અમારા પ્રવર્તમાન ડીલર્સના વિશાળ નેટવર્ક તથા આ પહેલની આતુરતાથી રાહ જોતાં અમારા ગ્રાહકોને સમર્પિત કરીએ છીએ. અમે નવી વિસ્તરણ યોજનાઓ આગળ વધારી રહ્યાં છીએ, મજબૂત આરએન્ડડી પ્લેટફોર્મ તૈયાર કરી રહ્યાં છીએ તેમજ નવા બજારોમાં પ્રવેશી રહ્યાં છીએ. અમારી મોટર્સની નવી શ્રેણી બેસ્ટ-ઈન-ક્લાસ પર્ફોર્મન્સ ઓફર કરશે તથા ઉચ્ચ કાર્યક્ષમતાને કારણે પાવરનો વપરાશ ઘટાડશે."

આ પ્રસંગે પ્રતિક્રિયા આપતાં કિર્લોસ્કર ઓઈલ એન્જિન્સ લિમિટેડના ડાયરેક્ટર ગૌરી કિર્લોસ્કરે કહ્યું હતું કે, "નિરંતર સક્રિય યોજના અને વ્યૂહાત્મક પગલાઓથી અમે સ્વિકૃત એન્જિનિયરિંગ સોલ્યુશન્સ પ્રોવાઈડર બન્યાં છીએ. કિર્લોસ્કરે ડીઝલ એન્જિનમાં અગ્રણી કંપની તરીકે પોતાની જાતને પ્રસ્થાપિત કરી છે ત્યારે ઈલેક્ટ્રીક મોટર્સ ક્ષેત્રે આ પગલાથી આ સેગમેન્ટમાં અમારી ઉપસ્થિતિ વધુ મજબૂત બનશે. તેમણે ઉમેર્યું હતું કે, આ મોટર્સ ઉચ્ચ સ્તરીય ગુણવત્તા તેમજ વિશ્વસનીયતા, ટકાઉપણું અને કાર્યક્ષમતા ધરાવે છે."

આ મોટર રેન્જ લોંચ કરવા સાથે કિર્લોસ્કર ઓઈલ એન્જિન ઈનોવેટિવ પ્રોડક્ટ્સ પ્રદાન કરવાની સમહૂની પહેલને આગળ ધપાવે છે, જે તેના લિમિટેડ બિઝનેસ વિઝનને અનુરૂપ છે.

## ડાંગ જિલ્લામા ફરીથી મધ્યાહન ભોજનનો પ્રારંભ

# આહવાના સરદાર વિદ્યાલય ખાતેથી પ્રધાનમંત્રી પોષણ યોજનાનો પ્રારંભ કરાવતા ડાંગ કલેક્ટર શ્રી ભાવિન પંડ્યા



આહવા તા: ૩૦: મધ્યાહન ભોજનમા અપાતુ ભોજન, એ માત્ર ભોજન જ નથી, પરંતુ પ્રેમભાવનો પ્રસાદ છે તેમ, ડાંગ કલેક્ટર શ્રી ભાવિન પંડ્યાએ જણાવ્યુ હતુ.

કોરોના કાળ બાદ લગભગ ૭૦૦ દિવસો પછી ફરી એક વાર સમસ્ત રાજ્યની જેમ, ડાંગ જિલ્લાની પ્રાથમિક શાળાના રસોડે સ્વાદની સોડમ સાથે, બાળકોને પોષણ ક્ષમ ભોજન આપવાનુ શરૂ થતા, અહીના રસોડા ધમધમતા થયા છે.

ભારત સરકાર દ્વારા 'પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના' અંતર્ગત મધ્યાહન ભોજન રસોડે ફરજ બજાવતા રસોઈયા, સંચાલકો, સહાયકો વિગેરેને ફરીથી નવા જોમ અને જુસ્સા સાથે, આ પ્રવૃત્તિમા પ્રવૃત કરવાના ભાગરૂપે, ડાંગ જિલ્લાના ત્રણેય તાલુકાઓમા કુકીંગ કોમ્પિટિશન યોજવામા આવી હતી. જેમા વિજેતા નિવડેલા સ્પર્ધકો માટેની, જિલ્લા કક્ષાની કુકીંગ કોમ્પિટિશન સાથે ફરી એકવાર શાળાના રસોડાઓમાંથી પોષણક્ષમ વાનગીઓની સોડમ આવવા લાગી. ઉલ્લેખનિય છે કે, સને.૨૦૨૦ થી કોવિડ-૧૯ની મહામારીને કારણે અંદાજિત ૭૦૦ જેટલા દિવસો દરમિયાન, રાજ્યની પ્રાથમિક શાળાઓમા, આ યોજના હેઠળ અપાતુ ગરમ ભોજન બંધ કરાયુ હતુ. જેના સ્થાને લાભાર્થી વિદ્યાર્થીઓને 'ફૂડ સિક્યોરિટી એલાઉન્સ' અંતર્ગત અનાજ અને કુકીંગ કોસ્ટની ચુકવણી કરવામા આવી હતી.

ત્યાર બાદ ગત તા.૨૧થી ફેબ્રુઆરી-૨૦૨૨ થી ફરી એકવાર પ્રાથમિક શાળાઓના વર્ગો ઓફલાઈન શરૂ કરાતા, લાભાર્થી બાળકોને ગરમ રાંધેલું ભોજન મળી રહે, અને આ યોજના અંતર્ગત ફરજ બજાવતા માનદ વેતન ધારકોને પ્રોત્સાહન મળી રહે તે માટે, કુકીંગ કોમ્પિટિશન સાથે, ફરી એકવાર પ્રધાનમંત્રી પોષણ યોજનાનો શુભારંભ કરાયો છે.

નવી ઉર્જા, જોમ અને જુસ્સા સાથે ખુબ જ પ્રોત્સાહક વાતાવરણમા શરૂ થયેલા આ કાર્યક્રમના પ્રારંભે, યોજાયેલી જિલ્લા કક્ષાની કુકીંગ કોમ્પિટિશનમા આહવાની સરદાર વિદ્યાલયના સંચાલકો દ્વારા તૈયાર કરાયેલા ઈડલી સંભારને પ્રથમ પારિતોષિક જાહેર થયુ હતુ. જ્યારે બીલીઆંબાની પ્રાથમિક શાળા દ્વારા રજૂ કરાયેલી સુખડીને બીજુ, અને વઘઈની સરદાર શાળા દ્વારા રજૂ કરાયેલા માલપુડાને ત્રીજુ પારિતોષિક એનાયત કરાયુ હતુ.

પ્રથમ વિજેતાને જિલ્લાના શ્રેષ્ટ પ્રધાનમંત્રી પોષણ કૂકના બિરૂદ સાથે રૂ.૧૦.૦૦ હજારનુ પ્રોત્સાહક ઈનામ, દ્વિતીય વિજેતાને રૂ.૫.૦૦ હજાર, અને તૃતીય વિજેતાને રૂ.૩.૦૦ હજારનુ પારિતોષિક જાહેર કરાયુ હતુ.

કલેક્ટર શ્રી ભાવિન પંડ્યાએ વિજેતા સ્પર્ધકો સહિત જિલ્લાના સૌ કેન્દ્ર સંચાલકો, અને કર્મયોગીઓને અભિનંદન પાઠવી, પ્રભુના પયગંબરો એવા બાળકોને પ્રેમભાવ પૂર્વક ભોજન કરાવીને, પ્રધાનમંત્રી પોષણ યોજનાને સાર્થક કરવાની અપીલ કરી હતી.

ઉલ્લેખનિય છે કે, ડાંગ જિલ્લામા કુલ ૩૭૮ મધ્યાહન ભોજન કેન્દ્રોમા ધોરણ-૧ થી ૮ ના ૪૩ હજાર ૬૩૮ બાળકોને લાભ આપવામા આવી રહ્યો છે. આ કેન્દ્રો ઉપર આજની તારીખે ૩૬૬ સંચાલકો, ૫૩૪ કૂક-કમ-હેલ્પર અને ૩૩૮ હેલ્પર મળી કુલ-૧૨૩૮ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. કોરોના મહામારીના સમયે જિલ્લાની શાળાઓ લગભગ ૭૦૦ દિવસો બંધ રહેતા, રાજ્ય સરકાર દ્વારા મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ૧૧૧૦૫.૭૯ ક્વિન્ટલ ઘઉં, અને ૧૧૧૦૫.૭૯ ક્વિન્ટલ ચોખા મળી કુલ.૨૨૨૧૧.૫૮ ક્વિન્ટલ અનાજ, સહિત કુલ રૂ.૧૧ કરોડ, ૪૨ લાખ, ૧૦ હજાર ૨૮૩ની રાશી, ફૂડ સિક્યોરિટી એલાઉન્સ તરીકે ચુકવવામા આવી હતી. તેમ, મામલતદાર શ્રી દલુભાઈ ગામીતે પૂરક વિગતો આપતા જણાવ્યુ હતુ.

નરેન્દ્ર પવાર,ડાંગ

# પાલનપુરના કાણોદરમાં વીજળીની ચોરી કરતા ૪૨ ગ્રાહકો પાસેથી રૂ.૧૩.૬૬ લાખનો દંડ વસુલ કરાયો

બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ




UGVCL દ્વારા ઠેર-ઠેર ચેકીંગ હાથ ધરાતા વીજચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે ઉતર ગુજરાત વીજ કંપની કણોદર પેટા વિભાગીય કચેરી દ્વારા વીજ ચોરી અટકાવવા ઘરવપરાશ, કોમર્શિયલ, ખેતીવાડી અને હંગામી વિજગ્રાહકોનું ચેકીંગ હાથ ધરાતા છેલ્લા એક વર્ષમાં ૪૨ ગ્રાહકોએ ૧૩,૬૬,૮૯૪ વીજની ચોરી કરતા ઝડપાતા વીજ કંપની દ્વારા વિશ્વ ગ્રાહકો સામે ફરિયાદ નોંધાવી ૧૩,૬૬,૮૯૪ ના દંડની વસુલાત કરવામાં આવી છે. કાણોદર યુજીવીસીએલ હેઠળના વિસ્તારોમાં વીજચોરીનું પ્રમાણ વધ્યું છે ત્યારે યુજીવીસીએલ તંત્રને વીજચોરીના કારણે વીજલોસ થઈ રહ્યો છે ત્યારે આ બાબતની ગંભીરતાને લઈ કાણોદરમાં યુજીવીસીએલ દ્વારા ઠેર – ઠેર ચેકીંગ હાથ ધરાતા વીજચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે જેમાં સમગ્ર વિસ્તારોમાં સઘન ચેકીંગની કાર્યવાહી કરવામાં આવતા વર્ષ ૨૦૨૧ દરમિયાન ૪૨ વીજ કનેકશનોમાં ગેરરીતિ પકડાઈ હતી. જેને લઈ તમામ વિરુદ્ધ કુલ ૧૩,૬૬,૮૯૪ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જોકે, સૌથી વધુ ૧૮ ઘર વપરાશના કનેક્શનોમાં વીજ ચોરી પકડાઈ હતી. જેને લઈ રૂ. ૧,૩૭,૮૫૧નો દંડ ફટકારવામાં આવ્યો હતો. તો ૮ કોમર્શિયલ કનેક્શનોમાં વીજચોરી પકડાતા રૂ.૪,૫૦,૦૭૪નો દંડ ફટકારવામાં આવ્યો હતો. જોકે ઉદ્યોગ એકમોમાં એકપણ વીજચોરી પકડાઈ ન હોવાનું યુજીવીસીએલના કાણોદર નાયબ ઈજનેર વી.એમ.પ્રજાપતીએ જણાવ્યું હતું. યુજીવીસીએલ તંત્રને વીજચોરીના કારણે વિજલોસ થાય છે જેથી વીજલોસ ધરાવતા ફીડરો વાળા વિસ્તારોમાં ચેકીંગ હાથ ધરવામાં આવે છે. આગામી સમયમાં પણ વીજચોરી અંગે યુજીવીસીએલ તંત્ર દ્વારા દરોડા પાડવામાં આવશે.


# પ્રાકૃતિક કૃષિના માધ્યમથી દેશમાં કૃષિ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન આવશે : રાજ્યપાલશ્રી

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે રાજભવન ખાતે વિધાનસભાના અધ્યક્ષા ડૉ. નીમાબેન આચાર્ય અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં મંત્રીમંડળના સદસ્યો અને ધારાસભ્યો સાથેની પ્રાકૃતિક કૃષિ અંગે વિચારગોષ્ઠિમાં માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિના માધ્યમથી દેશમાં કૃષિ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન આવશે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કર્યું છે, ત્યારે પ્રાણી માત્રના સુખ-સ્વાસ્થ્ય માટે ચિંતા કરવી આવશ્યક છે, તેમણે જણાવ્યું હતું કે, સ્વતંત્રતા સમયે હરિત ક્રાંતિ અને રાસાયણિક કૃષિ સમયની માંગ હતી. આજે ધરતીનો ઓર્ગેનિક કાર્બન દિન પ્રતિદિન ઘટી રહ્યો છે. ભૂમિ બંજર બની રહી છે, લોકો રાસાયણિક ખાતર અને જંતુનાશકના ઉપયોગથી પેદા થતા ખાદ્યાન્નના કારણે કેન્સર, ડાયાબીટીસ, હૃદયરોગ જેવી અસાધ્ય બિમારીનો ભોગ બની રહ્યા છે. રાસાયણિક કૃષિનો મજબૂત વિકલ્પ પ્રાકૃતિક કૃષિ છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યુ હતું કે, રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કર્મઠ નેતૃત્વમાં રાજ્ય સરકારના સહયોગથી રાજ્યમાં બે લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિના અભિયાનમાં જોડાયા છે, ત્યારે મંત્રીશ્રીઓ અને ધારાસભ્યો પણ પોતાના વિસ્તારમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રેરિત કરે. રાજ્યપાલશ્રીએ જણાવ્યુ હતું કે, પ્રાકૃતિક કૃષિથી જળ-જમીન અને પર્યાવરણની સુરક્ષા થશે. દેશી ગાયનું જતન-સંવર્ધન થશે, કૃષિ-ખર્ચ ઘટશે અને ઉત્પાદનોની યોગ્ય કિંમત મળતા ખેડૂતોની આર્થિક સ્થિતિ સમૃદ્ધ બનશે, જમીનની ફળદ્રુપતા વધશે અને પાણીની બચત થશે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ અપનાવવાથી રાસાયણિક ખાતરો પાછળ ખર્ચાતી લાખો રૂપિયાની સબસીડી બચશે, એટલું જ નહીં લોકોને ઝેરમુક્ત સ્વાસ્થ્યપ્રદ આહાર પણ ઉપલબ્ધ બનશે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ઓર્ગેનિક કૃષિ અર્થાત્ જૈવિક ખેતીમાં પૂરતું ઉત્પાદન નથી મળતું. વિદેશી અળસિયાં ભારતીય વાતાવરણમાં પૂર્ણરુપે કાર્ય કરી શકતા નથી. આવા સમયે કૃષિની કોઈ લાભપ્રદ પદ્ધતિ વિશે વિચારવું જરૂરી છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે એક દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ જીવાણું ઉપલબ્ધ હોય છે. દેશી ગાયનું ગૌ-મૂત્ર ખનીજોનો ભંડાર છે. જેની મદદથી થતી પ્રાકૃતિક કૃષિ અપનાવવામાં આવે તો તે રાસાયણિક કૃષિનો મજબૂત વિકલ્પ બની શકશે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિમાં દેશી ગાયના છાણ-ગૌ-મૂત્ર, બેસન, ગોળ અને માટીની મદદથી તૈયાર થતા જીવામૃત અને ઘન જીવામૃત એક મહત્વપૂર્ણ કલ્ચર છે જે પ્રાકૃતિક ખાતરનું કાર્ય કરે છે. અને અળસિયાં જેવા મિત્રજીવોની પણ વૃદ્ધિ કરે છે. સરવાળે ખેતરના પાકને પૂરતું પોષણ મળે છે અને ઉત્પાદન વધે છે. પ્રાકૃતિક કૃષિમાં મલ્ચીંગનું પણ મહત્વ છે. ભૂમિનાં આચ્છાદનથી જમીનમાં ભેજ જળવાઈ રહે છે. નિંદામણનું નિયંત્રણ થાય છે. ભૂમિનો ઓર્ગેનિક કાર્બન જળવાય છે અને અળસિયાં જેવા મિત્ર જીવો દિવસ દરમિયાન પણ કાર્ય કરી શકે છે. રાજ્યપાલશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે રાજ્ય સરકારે ડાંગ જિલ્લાને પ્રાકૃતિક કૃષિ આધારિત જિલ્લો જાહેર કર્યો છે ત્યારે પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ગુજરાત દેશભરમાં મોડલ સ્ટેટ બની પ્રેરણારૂપ કાર્ય કરશે.

# ગુજરાત રાજ્ય સરકારના મંત્રી એવા અરવિંદભાઇ રૈયાણીનાં જન્મદિવસની પ્રેરક ઉજવણી સદભાવના વૃદ્ધાશ્રમના વડીલો સાથે ભોજન પ્રસાદ લેશે.



માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા સાત વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૩૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૨૦ વડીલો તો પથારીવશ (ડાઈપર વાળા) છે.

ગુજરાત રાજયના મંત્રી શ્રી અરવિંદભાઇ રૈયાણી દ્વારા સદભાવના વૃદ્ધાશ્રમમાં પોતાનો જન્મદિવસ ઉજવીને વડીલોના આશીર્વાદ મેળવવાનું પ્રેરણાદાયી કાર્ય કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

અરવિંદભાઇ રૈયાણીનાં જન્મદિવસે તા.૧ એપ્રિલ અને શુક્રવારના રોજ સાંજે ૭ વાગ્યે તેઓ પોતે અને તેમની પૂરી ટીમ સદભાવના વૃદ્ધાશ્રમ,પીપળીયા ભવન ખાતે ઉપસ્થિત રહીને વડીલોને જાતે ભોજન પીરસી તેમની સાથે જ ભોજન પ્રસાદ લઈને જન્મદિવસની ઉજવણી કરશે. જન્મદિવસની પ્રેરક ઉજવણી વૃદ્ધાશ્રમના માવતરો સાથે રહીને કરવા બદલ ગુજરાત સરકારના યુવા, સેવાભાવી મંત્રી અરવિંદભાઇ રૈયાણી પર અભિનંદન વર્ષા થઈ રહી છે.

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દાહોદ દ્વારા આગામી તા- 03/04/૨૦૨૨ ને રવિવાર ના રોજ અભ્યાસ વર્ગ યોજાશે.

અભેસિંહ રાવલ દાહોદ

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દાહોદ દ્વારા આગામી તા -૦૩/૦૪/૨૦૨૨ ને રવિવાર નાં રોજ બ્લાઈન્ડ વેલ્ફેર કાઉન્સિલ મંડાવાવ રોડ,પંચમુખી હનુમાનજી મંદિર સામે દાહોદ મુકામે અભ્યાસ વર્ગનું આયોજન કરવામાં આવેલ છે.આ અભ્યાસ વર્ગમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ના સચિવ મોહનજી પુરોહિત, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના અધ્યક્ષ ભીખાભાઈ પટેલ તથા રાજયના સંગઠન મંત્રી અરુણભાઈ જોશી ,રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પ્રાંતના બૌદ્ધિક પ્રમુખ કૈલાશભાઈ ત્રિવેદી તથા પ્રાંત મહિલા ઉપાધ્યક્ષા પલ્લવીબેન પટેલ, ઘનશ્યામભાઈ પટેલ ,અતુલભાઈ ઉનાગર હાજર રહેશે . અભ્યાસ વર્ગમાં કુલ ૦૭ સત્રો દ્વારા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ની કાર્યપદ્ધતિ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ,માતૃશક્તિ, સંગઠનના પદાધિકારીઓ અને કચેરી સાથેનો વ્યવહાર, સંઘ અને સંવૈચારિક સંગઠનનો સંબંધ, સંગઠનમાં વિવિધ જવાબદારીનું વહન અને કાર્યકર્તા ની સભાનતા, જેવા વિવિધ વિષયો પર કાર્યકર્તાઓને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે તથા સંગઠનને વધુ મજબૂત કરવા નો પ્રયત્ન કરવામાં આવશે .અને આ અભ્યાસ વર્ગમાં પ્રાથમિક ,માધ્યમિક ,ગ્રાન્ટેડ સંવર્ગના ના કુલ મળીને જિલ્લાના ૪૦૦ જેટલા જવાબદાર કાર્યકર્તા હાજર રહેશે.

# બે વર્ષ બાદ આવતીકાલથી પાટણ જિલ્લામાં પ્રાથમિક શાળામાં મધ્યાન ભોજન શરૂ થશે

રિપોર્ટનિખિલ જોશી પાટણ બ્યુરો

મધ્યાન ભોજન કમિશનરશ્રીની સુચના અનુસાર ૩૧મી માર્ચ ગુરુવારથી પાટણ જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની મધ્યાન ભોજન આપવામાં આવશે.ગુજરાતમાં કોરોના કાળની એન્ટ્રી થતાની સાથે જ રાજ્યભરની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને મધ્યાન ભોજન બંધ કરી દેવામાંઆવ્યુંહતુંત્યારેહવેકોરોનાવાયરસ ધીરે-ધીરે કાબૂમાં આવી રહ્યો છે ત્યારે મધ્યાન ભોજન યોજના કમિશનર ૩૧ માર્ચથી રાજ્યભરની શાળાઓમાં મધ્યાન ભોજન આપવાનો પરિપત્ર જાહેર કર્યો છે જે અનુસંધાને પાટણ જિલ્લામાં આવેલ ૮૨૦ મધ્યાન ભોજન કેન્દ્રો માં ધોરણ ૧ થી ૫ ના ૧ લાખ ૨ હજાર ૪૩૮ વિદ્યાર્થીઓને મધ્યાન ભોજન આપવામાં આવશે ધોરણ ૬ થી ૮ના ૫૬૨૮૮ વિદ્યાર્થીઓને મધ્યાન ભોજન યોજના હેઠળ આવરી લેવામાં આવશે



હારીજ ચણા ખરીદ વેચાણ બાબતે તાલુકા પંચાયત વી સી નિર્દોષ હોવા બાબતે આવેદન પત્ર આપવામાં આવ્યું .જેમાં જણાવ્યા મુજબ ગત સમય હારીજ તાલુકા ગ્રામ્ય વિસ્તારમાં ટેકાના ભાવે ચણા ખરીદી વેચાણ કૌભાંડમાં પંચાયત ઓનલાઈન અરજી કરનાર વી સી ઉપર ખોટી રીતે દોષ નો ટોપલો ઢોળવામાં આવ્યો હોવા બાબતે હારીજ તાલુકા વી સી યુનિયન દ્વારા હારીજ તાલુકા વિકાસ અધિકારી ને પોતે નિર્દોષ હોવા બાબતે રજુઆત કરવામાં આવી હતી તેઓની કામગીરી ફક્ત દસ્તાવેજો અધારે ઓન લાઈન અરજી કરી આપવાની જવાબદારી હોય છે ચકાસણી અને વેરી ફિકેસન ની જવાબદારી જે તે વેચાણ કરતી મંડળીઓ અને ખરીદ કરતી સરકારની કૃષિ અને સહકારી વિભાગ ગુજકો માસોલ સંસ્થા ને કરવાની ફરજ માં આવતી હોય છે તેવુ હારીજ તાલુકાના વિ.સી યુનીયન દ્વારા આવેદનપત્ર માં જણાવ્યુ હતુ.રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

# અમદાવાદથી સુંધામાતા સુધી પગપાળા પદયાત્રા યોજાઈ, સિધ્ધપુર ખાતે કરાયુ સ્વાગત



અમદાવાદના નરોડાથી રાજસ્થાનના સુંધામાતાજી ધામ સુધી નરોડાના ધારાસભ્ય બલરામજી થાવાણીની ઉપસ્થિતીમાં માતાજીના કલાત્મક રથ સાથે સિન્ધી સમાજના ભાઈ બહેનો દ્વારા પગપાળા પદયાત્રા નિકળી છે જે કુલ ૧૦ દિવસે સુંધાજી ધામ પહોંચશે.

આ પગપાળા સંઘ સિધ્ધપુર આવી પહોંચતા સુજાણપુર બ્રમ્હાણી માતાજીના મંદિરે આરામ કરવા રોકાયા હતા તે દરમ્યાન સિધ્ધપુર સિન્ધી સમાજના દર વર્ષ ની જેમ નારી ભાઈ લલુંમલ લસ્સી વાળા અને સિંધી સમાજ ના પ્રમુખ ની આગેવાનીમાં સિન્ધી સમાજના અગ્રણીઓ અને નગરના આગેવાનોએ ધારાસભ્ય બલરામ થાવાણી અને પદયાત્રીઓનું શાલ ઓઢાડી સ્વાગત કરી આવકાર્યા હતા અને આગળની યાત્રા સુખરૂપ પરિપૂર્ણ થાય તે માટે શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે પૂર્વ શહેર ભાજપ પ્રમુખ મનિષભાઈ શેઠ, નગરપાલિકા ઉપપ્રમુખ નારીભાઈ લસ્સીવાલા, કારોબારી સમિતી ચેરમેન ધર્મેન્દ્ર ઠાકર, મ્યુ. સદસ્ય કપિલ ભાઈ પધ્ય ચિરાગ શુકલ, સિન્ધી સમાજના અગ્રણીઓ લચ્છુભાઈ મુલાણી, તારાચંદહરદાસાણી, નંદુભાઈ માસ્તર, ગંગુભાઈ સંજય ભાઈ આસનાણી

સહીતના આગેવાનોએ આ પ્રસંગે ઉપસ્થિત રહીને રાજેશ ભાઈ એડવોકેટ ઠક્કર સુંદર ભાઈ પદયાત્રીઓનું સ્વાગત કર્યુ હતુ . અહેવાલ કમલેશ ગણવાની સિદ્ધપુર.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.